વર્ષ : ૪૧ ✦ અંક : ૪
એપ્રિલ - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

**"હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું." - શ્રીમદ્ રાજચંદ્રજી**



**સમાધિમરણ : ચૈત્ર વદ પાંચમ, વિ.સં. ૧૯૫૭**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્કાર-સિંચન, શિક્ષણ અને સર્વાંગી જીવનવિકાસની

# વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ

**જૂન-૨૦૧૭થી પ્રારંભ થતા સત્રથી, આપણી સંસ્થાના નવનિર્મિત, શૈક્ષણિક સુવિધાઓથી યુક્ત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' માં ધોરણ ૫ થી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઈ શકશે, જેની કેટલીક વિગતો નીચે મુજબ છે :**

(૧) પૂજ્ય સંતશ્રી આત્માનંદજીનું પાવન સાન્નિધ્ય પ્રાપ્ત થશે.

(૨) વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૮,૦૦૦/- (અઢાર હજાર પૂરા) રહેશે.

(૩) માત્ર વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ મળશે.

(૪) મોટા સ્વચ્છ રૂમમાં પલંગ, કબાટ, ટેબલ, નાઈટલેમ્પ વગેરે સહિત આવાસની સગવડ.

(૫) શુદ્ધ, સાત્ત્વિક, રુચિકર, આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત દૂધ-છાશની સુવિધા.

(૬) અનુભવી, બાળપ્રેમી, પૂર્ણ સમયના ગૃહપતિ તથા પ્રાઈવેટ ટયુશનની સગવડ.

(૭) ચાલુ શિક્ષણ ઉપરાંત,
- (A) રમત-ગમતના સાધનો
- (B) ઈતર વાચનની પ્રવૃત્તિ
- (C) પ્રેરણાદાયી વાર્તાઓનું આયોજન
- (D) ધર્મ અને નીતિનું શિક્ષણ
- (E) શાંત, પર્યાવરણસભર, સ્વચ્છ, કુદરતી વાતાવરણ (સાબરમતી નદીથી નજીક)

(૮) વિદ્યાર્થીના ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ હોવા જરૂરી છે.

(૯) પ્રવેશફોર્મ તા. ૧૫ એપ્રિલથી સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે.

(૧૦) પ્રવેશફોર્મ ટપાલ દ્વારા / રૂબરૂ મેળવીને નિયત કરેલ તા. ૨૫-૪-૨૦૧૭ સુધીમાં ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું.

(૧૧) વિદ્યાર્થીએ **તા. ૩૦-૪-૨૦૧૭ ના રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે** લેખિત કસોટી તેમજ મૌખિક ઈન્ટરવ્યુ માટે વાલી સાથે ઉપસ્થિત રહેવું.

**સુજ્ઞ વાલીઓને, પોતાના બાળકોને આ આયોજનનો લાભ અપાવવા વિનંતી છે. વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલય/ગૃહપતિશ્રીનો સંપર્ક સાધવો.**

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) ભાવનાયુક્ત સાધનાથી સફળતા ............. ....................... પૂ.શ્રી આત્માનંદજી ...... ૬

(૩) પદાર્થ પ્રત્યે સન્મુખ, તે આત્મા પ્રત્યે ઉન્મુખ . ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૦

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન ... પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ... શ્રી અશોકભાઈ પી. શાહ ..... ૧૬

(૭) શ્રાવકાચાર .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૦

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૨

(૯) આત્માની ત્રિપદીશક્તિ ... શ્રી વલભજી હીરજી .... ૨૫

(૧૦) અક્ષયપદ આપે અક્ષયતૃતીયા ............... ....................... શ્રી પારૂલબેન ગાંધી .... ૨૬

(૧૧) નમસ્કાર હો નમસ્કાર .... શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૨૮

(૧૧) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૦

(૧૨) સંસ્થા આયોજિત જાત્રા.. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૩૨

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૮

**વર્ષ : ૪૧ — એપ્રિલ, ૨૦૧૭ — અંક - ૪**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોનઃ (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank** : Kotak Mahindra Bank

**Branch** : Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

દરરોજ પ્રાતઃકાળની ભક્તિમાં અમે બોલીએ છીએ કે, ''વીતરાગનો કહેલો પરમશાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખવો... હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી વિરામ પામ... કંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા, જાગૃત તથા નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.'' પરંતુ એ બધું ચાવીવાળા રમકડાની જેમ બોલી જતા હતા. આજે કોણ જાણે કેમ આપની સ્પષ્ટ ચેતવણી જેવા શબ્દો બોલતાં મનમાં જાણે ધ્રુજારી આવી ગઈ ! શું મહામહેનતે મળેલો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે ? શું અનંતકાળની રઝળપાટ ફરીથી જીવના ભાગ્યમાં લખાઈ જશે ? ના, ના, અજ્ઞાનમાં જે થયું તે થયું ! હવે એવી ભૂલ કરવી નથી. અનંતકાળ તો ભાન વિના ભટક્યા, પરંતુ આ ભવમાં તો આપનો જ્ઞાનદીપક સાંપડ્યો છે. તે હોવા છતાં પાછું કૂવામાં પડવું જ નથી ! હવે તો ''આતમશું રઢ મંડો રે.'' એ ન્યાયે હવે જાગૃત થઈ જ જવું છે. હે પ્રભુ ! એવું અનુભવવચન સાંભળ્યું છે કે, જેના જીવનમાં ગુરુકૃપાનું અમૃત પડે તેને અંધકારમાંથી ઉજાસમાં જવાની તક સાંપડે છે. અને આપની કૃપાથી અમને એવો સુયોગ સાંપડ્યો પણ છે. હવે માત્ર પોતે જ જાગૃત થવાની જરૂર છે. તેથી જ પોતે પોતાને કહીએ છીએ –


ચેત રે હે ચેતન હવે તું, વાર ન કર હવે જાગ રે,
મંઝિલ મુક્તિની છોડીને, દૂર નહીં તું ભાગ રે.
શ્વાસે શ્વાસે અંજલિજલ પેરે, આયુષ્ય ઘટતું જાય રે,
શ્વાસે શ્વાસે યમરાજાનું, આગમન સંભળાય રે.
શ્વાસે શ્વાસે 'સોહમ્', 'સોહમ્' જાપ અજપા થાય રે,
ઓળખી લે તું નિજ આતમને, અવર ન કોઈ ઉપાય રે.
મહાદુર્લભ આ મનુષ્યજન્મને, સફળ કરી લે નિર્ધારીને,
વીજળીના ચમકારે ચેતન, મોતી પરોવી લે વિચારીને.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૫૭૨



**મુંબઈ, ફાગણ વદ ૭, રવિ, ૧૯૫૧**

સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવા યોગ્ય છે, કેમ કે અનાદિથી અત્યંત અજ્ઞાન દશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસત્ય, અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે, એમ બનવું બહુ કઠણ છે; માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે. જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું, અને પ્રાપ્તસાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઈ, રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે. કેમ કે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે કે, તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે, અને જાગૃતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ એવા પ્રકારની હોય છે કે, 'મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય, હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગૃત રહીશ;' એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે; જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે : એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ; બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણું સમજાવું.

વિચારથી કરી તુચ્છપણું સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિના સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમ કે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનું જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમે ક્રમે, દેશે દેશે તેનો ત્યાગ કરવો ઘટે; પરિગ્રહ તથા ભોગોપભોગના પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે, અને આશ્રયભક્તિ દૃઢ થાય; તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઈ તીવ્રજ્ઞાનદશા પ્રગટી જીવન્મુક્ત થાય.

જીવ કોઈક વાર આવી વાતનો વિચાર કરે, તેથી અનાદિ અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિનદિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ ફરી ફરી વિચાર કરે, તો અનાદિ અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઈ સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય. એ જ વિનંતી.

**આ. સ્વ. પ્રણામ**

# ભાવનાયુક્ત સાધનાથી સફળતા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આધ્યાત્મિક જીવનમાં વૈરાગ્ય એ મુખ્ય પાયો છે. જ્ઞાન અને વૈરાગ્યનો અદ્ભુત મહિમા અને તેનું સાચું સ્વરૂપ સત્શાસ્ત્રના સેવનથી અને સદ્ગુરુની આજ્ઞાથી ક્રમે ક્રમે સમજાય છે. સ્વચ્છંદ અને નિજકલ્પનાથી જે ખરેખર પોતાને ધર્મી માની બેસે અથવા ધર્મક્રિયાઓ આદરે છે તે ભ્રમમાં છે, ભ્રાંતિમાં વર્તે છે. વૈરાગ્યને આપણા જીવનમાં જ્યારે અગ્રિમ સ્થાન આપવામાં આવશે ત્યારે જ સાચા આધ્યાત્મિક સુખનો આનંદ આપણા અનુભવમાં આવશે. આપણા આધ્યાત્મિક જીવનને પોષણ મળે તે માટે દરરોજ ભાવપૂર્વક બાર ભાવનાઓ ભાવો. માત્ર બહારથી જ આપણે ધર્મક્રિયાઓ કરીએ, પરંતુ જ્યાં સુધી અંદરના ઊંડાણેથી વૈરાગ્યનું ઝરણું નહીં વહે ત્યાં સુધી આપણી દરેક ક્રિયાઓ શુષ્ક અને માત્ર ધાર્મિકતાનું બિરુદ મેળવવા માટેની જ બની રહેશે. માટે હૃદયને હંમેશાં વૈરાગ્યભાવનાના જળથી ભીંજાયેલું રાખીએ.

જગતના ધર્મી જીવો આત્મસ્વરૂપનું ભાવભાસન થાય તે પ્રત્યે પ્રયત્નવાન ન રહેતા કાં તો શાસ્ત્રો મુખપાઠ કરીને તેમાં જ ધર્મ માની બેસે છે અને કાં તો શરીર દ્વારા થતી ધર્મક્રિયાઓને જ મોક્ષમાર્ગ સમજી બેસે છે. લોકસંજ્ઞાએ અને ઓઘ સંજ્ઞાએ ધર્મ કરતાં જીવોનું જીવન યંત્રવત્ બની જાય છે. સ્વરૂપનો લક્ષ રહે અને અંતરના તાર ઝણઝણી ઊઠે તો જ ધર્મનો અંશ પ્રગટે છે. આપણા સમગ્ર જીવનમાં સાચી સંવેદનશીલતા લાવીએ અને સ્વ-પર કલ્યાણની સિદ્ધિ થાય તેમ વર્તીએ. માત્ર બુદ્ધિચાતુર્યથી ધર્મ થતો નથી. ધર્મ તો અંદરના ઉજ્જવળ ભાવો ઉપર આધાર રાખે છે. ત્યાગ અને વૈરાગ્ય મુમુક્ષુઓના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ જવા જોઈએ, રગેરગમાં વ્યાપી જવા જોઈએ, હાડોહાડ ઊતરી જવા જોઈએ.

અનાદિકાળથી જીવને પોતાનું અસ્તિત્વ ભાસ્યું નથી. પોતાને પોતા વિશે જ ભ્રાંતિ વર્તે છે. સત્ય અને નિત્ય સ્વરૂપનું તેને ભાન નથી. તેથી અનિત્ય એવા જડ પદાર્થોમાં સુખનું આરોપણ કરીને તેને મેળવવા માટે વલખાં મારી રહ્યો છે, એક પળ પણ તે જંપીને બેસતો નથી. અવિચારપણે સઘળી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. તેનું સુખ તેની કલ્પનામાં છે, માટે જ્યારે જ્યારે પોતાને અનુકૂળ જડ પદાર્થોની પ્રાપ્તિ થાય છે ત્યારે તે પોતાને સુખી માને છે અને જ્યારે જ્યારે ઘણો ઘણો પુરુષાર્થ કરવા છતાં તેને પોતાની ઇચ્છાનુસાર ઇષ્ટ પદાર્થો પ્રાપ્ત નથી થતા ત્યારે તે આકુળવ્યાકુળ થઈ જાય છે, પોતાને અત્યંત દુઃખી સમજીને માથું પટકે છે. જ્ઞાનીપુરુષો કહે છે કે સુખ પોતાના આત્મામાં છે, પરંતુ અજ્ઞાની જીવને પર પદાર્થમાં સુખબુદ્ધિ હોવાથી - રસબુદ્ધિ હોવાથી - અભ્યાસ હોવાથી તે દુઃખી દુઃખી થઈ રહ્યો છે.

જગતની અનિત્યતા દર્શાવતાં જ્ઞાનીઓ કહે છે :

"જોબન ગૃહ ગોધન નારી, હય ગય જન આજ્ઞાકારી;
ઇન્દ્રિય-ભોગ છિન થાઈ, સુર ધનુ ચપલા ચપલાઈ."

**– શ્રી છ ઢાળા**

યુવાની - ઘર - ગાય - લક્ષ્મી - સ્ત્રી - હાથી - ઘોડા - આજ્ઞા ઉઠાવનારા અનુચરો વગેરે અનિત્ય છે, ક્ષણિક છે, ઇન્દ્રધનુષ્યના રંગો જેવા છે, નાશવંત છે. જોતજોતામાં વિલય થઈ જાય તેવા અનિત્ય છે. તું અનિત્ય પદાર્થો ઉપરથી વૃત્તિઓ પાછી વાળી અને તારા શાશ્વત નિત્ય પદાર્થ ઉપર દૃષ્ટિ સ્થાપ. આજ

સુધી અનિત્ય પદાર્થોમાં જ તું રાચતો રહ્યો છે અને તેથી આ જંજાળમાં બંધાયો છે અને દુઃખી છે. જ્ઞાનીજનો કહે છે કે અનાદિકાળથી જે કરતા આવ્યા છો તેનાથી હવે અટકો.

આપણા વૈરાગ્યને પોષણ મળે તેવા સ્થળોની પ્રસંગોપાત મુલાકાત લેવી જોઈએ. ઘરડાઘર - કૅન્સર હૉસ્પિટલો - ઑર્થોપેડિક દવાખાનાઓ - પાંજરપોળો - ઝૂંપડપટ્ટીમાં વસનારા ગરીબો અને ભિખારી હાલતમાં જીવતા માણસો, ઠંડી, ગરમી અને વરસાદના દિવસોમાં બેઘર બનેલા માણસો, અંધશાળાઓ અને એવા અનેક અનેક પ્રસંગોમાં જઈને આપણા વૈરાગ્યને પુષ્ટ કરવો તેમજ સાથે સાથે આપણી શક્તિ અનુસાર ગરીબોને અને અન્ય દુઃખી જીવોને કરુણાભાવથી તન-મન-ધનથી સહાયભૂત બનવું, તો જ આપણે કૃપાળુદેવના —

"સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો,

આ વચનને હૃદયે લખો." આ વાક્યને જીવનમાં ઉતાર્યું ગણાશે.

જેમ હરણને સિંહ મારી નાખે છે, તેમ મરણ સમયે જીવને કોઈ શરણ નથી. મંત્ર-તંત્ર કોઈ મરણથી બચાવી શકતું નથી. પોતાનો આત્મા અને પરમગુરુ તથા સત્ધર્મ જ શરણ છે, અન્ય કોઈનું શરણ નથી. કોઈ જીવ બીજા જીવોની રક્ષા કરવા ખરેખર સમર્થ નથી. માટે પરની આશા નકામી છે. નિજ આત્મા જ સુખમય છે, સારરૂપ છે, શરણરૂપ છે, માટે તેમાં જ પ્રીતિવંત બનો.

"હે જીવ, તને સત્ય કહું છું. સુખ અંતરમાં છે, બહાર શોધવાથી નહીં મળે." શ્રી ગુરુનાં આવાં હિતકારી વચનો સાંભળીને સાચા મુમુક્ષુઓનો આત્મા જાગી ઊઠે છે અને તેને તીવ્ર મુમુક્ષુતા પ્રગટે છે, આત્મરુચિ પ્રજ્વલિત થાય છે; અને વારંવાર તે આત્મા પ્રત્યે - શ્રી સદ્‌ગુરુ પ્રત્યે અને વીતરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતિવંત બનીને નિજ આત્મ કલ્યાણના માર્ગે અડગ બનીને આગળ વધે છે. તેને અન્ય પરિચય અને વ્યવહારો ફિક્કા લાગે છે. અનંત કાળમાં ચૈતન્યનો મહિમા આવ્યો નહીં અને વિભાવની તુચ્છતા લાગી નહીં - પરથી અને વિભાવથી વિરક્તા ન થઈ માટે 'માર્ગ' મળ્યો નથી - એવું એને સ્પષ્ટ સમજાઈ જાય છે. પછી સતત પ્રભુ સ્મરણ - સત્સંગ - સ્વાધ્યાય - ભક્તિમાં પ્રીતિવંત બનીને ઉલ્લાસપૂર્વક પુરુષાર્થ વધારે છે. મુમુક્ષુનો એક પણ દિવસ એવો ન જ જવો જોઈએ કે તેણે પ્રભુ સાથે - આત્મા સાથે ભાવપૂર્વક અનુસંધાન ન કર્યું હોય. પોતાના આત્મસ્વરૂપને (નિજસ્વરૂપને) પામવા માટે આ કાળમાં સત્પુરુષનો સમાગમ, નામસ્મરણ અને પ્રાર્થના એ સરળ અને મુખ્ય અવલંબનો છે.

આપણે ઘણા સમયથી સત્સંગાદિ કરતા હોઈએ તો એ સ્વાધ્યાય અને સત્સંગનો લાભ પોતાને કેટલે અંશે થયો છે તે એકાંતે બેસીને પોતાના આત્માને પૂછવું. સ્વનિરીક્ષણ કરવું. પોતાના વિચારો જોવાં. પોતાને કેવા કેવા ભાવ જાગે છે ? આપણો આત્મા હજુ કયા કયા પદાર્થોમાં - વસ્તુઓમાં - વ્યક્તિઓમાં અટક્યો છે ? આપણી વૃત્તિ-પ્રવૃત્તિઓમાં કંઈ પરિવર્તન આવ્યું છે ? કઈ વસ્તુ આપણને વારંવાર યાદ આવે છે ? આપણો અન્ય જીવો સાથેનો વ્યવહાર કેવો છે ? આપણામાં આજ્ઞાંકિતપણું છે ? શ્રી સદ્‌ગુરુ-સત્પુરુષો અને વીતરાગ પરમાત્માના પ્રત્યક્ષ અને પરોક્ષ દર્શન વખતે પોતાને અંદરમાં કેવા કેવા ભાવ જાગે છે ? ખરેખર છૂટવા માંગીએ છીએ ? જો છૂટવા જ માગતા હોઈએ તો કોણે આપણને બાંધી રાખ્યા છે ? કર વિચાર તો પામ.

સાધના દ્વારા આપણા જીવનમાં દયા, શાંતિ, સ્થિરતા, મૈત્રી, સંપ, સહનશીલતા, જતું કરવાની ભાવના, સાદાઈ, સરળતા, નિરભિમાનીપણું, નિયમિતતા આદિ સદ્‌ગુણો ખીલે અને વેર-ઝેરની ભાવના નષ્ટ થાય તો જ સત્સંગનો રંગ સાચો ચડ્યો સમજવો - અન્યથા નહીં.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૮૯

# પદાર્થ પ્રત્યે સન્મુખ, તે આત્મા પ્રત્યે ઉન્મુખ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

ઇચ્છાઓનો તરફડાટ અને સુખની મનમોહક કલ્પનાઓ કેટલીયે નવી-નવી ઇચ્છાઓ અને નવાં - નવાં સુખોની પ્રાપ્તિ પાછળ માનવીને સતત દોડાવે છે. જેમ એક ઇચ્છામાંથી અનેક ઇચ્છા ફૂટે-પ્રગટે છે, એ જ રીતે વ્યક્તિ પ્રારંભ કરે છે એક સુખ મેળવવા માટે અને પછી એ એક સુખ મળે કે ન મળે, પણ એની સામે અનેક સુખોની માયાવી સૃષ્ટિ ઊભી થઈ જાય છે. એની સુખની દોડ અનેકમુખી બની જાય છે. આ સૂક્ષ્મ સૃષ્ટિ એને સ્વપ્નસૃષ્ટિમાં અને બાહ્ય જગતમાં રાખે છે.

કામી પુરુષની કામના સંતોષાય, તો પણ એની વૃત્તિની આગ શાંત થતી નથી અને જો કામના સંતોષાય નહીં, તો એ દુનિયામાં ચોતરફ પોતાની કામના સંતોષવા ઉદ્યમાન કરે છે. જિંદગીભર ધનની પાછળ દોડનારને જીવનના અંતે મૃત્યુ સન્મુખે એક પ્રકારના ખાલીપાનો અનુભવ થાય છે. જો એનું ધન ચાલ્યું ગયું હોય તો એને નિરાશા થાય છે અને જો એની પાસે અઢળક ધન હોય, તો પણ એને જીવનની સાર્થકતા દેખાતી નથી. દુષ્ટ કે અધમ કૃત્યો કરનારને જિંદગીના એક તબક્કે એવો અહેસાસ થાય છે કે પોતે પોતાની જિંદગી દુરાચારમાં વેડફી નાખી.

આ બધાની પાછળ વાત તો એ છે કે મોહ, ઇચ્છા, કષાય કે વાસનાને કારણે બહારની દુનિયામાં દોડતા માનવીને અંતે ક્યાંય સાચું સુખ સાંપડતું નથી અને એને જીવન વેડફી નાખ્યાનો અનુભવ થાય છે. કારણ એટલું જ કે બહારની દુનિયામાં જ્યાં જ્યાં સુખ માન્યું હતું, તે તો અંતે મહાદુઃખ પૂરવાર થયું. બહારની દુનિયામાં જે પદાર્થોમાંથી પરમ આનંદની પ્રાપ્તિનો ખ્યાલ રાખ્યો હતો, એ પદાર્થો સાવ ક્ષુદ્ર, તુચ્છ કે નકામા લાગ્યા. આથી જ સ્વામી રામતીર્થે કહ્યું છે કે "ઇચ્છાઓને કારણે જ વ્યક્તિમાં તમામ પ્રકારના ભય અને ચિંતાઓ જાગે છે."

આ ઇચ્છા ઊધઈની જેમ જીવનનાશક છે, કારણ એટલું જ કે આ ઇચ્છા તમે લીધેલા નિયમો, વ્રતો કે પ્રતિજ્ઞાઓને બાજુએ હડસેલીને પોતાની તૃપ્તિ માટે મરણિયો પ્રયાસ કરે છે. ઘણી વ્યક્તિઓ પોતાના જીવનને ઘડવા માટે ભિન્ન ભિન્ન પ્રકારના નિયમો ધારણ કરે છે. જીવનને કલુષિત બનાવતા ભાવો, સ્થાનો અને વ્યક્તિઓથી એ દૂર રહેવાનો નિયમ કરે છે; પરંતુ મનમાં જેવો કામના, વાસના કે વૈભવની ઇચ્છાનો કીડો જાગ્યો કે બધા જ નિયમો પત્તાનાં મહેલની માફક એક સાથે તૂટવા લાગે છે અને પ્રતિજ્ઞાઓ તો સાવ બાજુએ હડસેલાઈ જાય છે.

કોઈ વ્યસની વ્યસનથી દૂર રહેવાનો સંકલ્પ કરે અને હજી માંડ એકાદ દિવસ પસાર થયો હોય, ત્યાં જ મનમાં વ્યસનની ઇચ્છા જાગે અને એનો ભોગ બને છે. વાસનાગ્રસ્ત માનવી પોતાની વાસનાને અંકુશમાં લેવાનો વિચાર કરે, પરંતુ વાસનાતૃપ્તિની ઇચ્છા જાગતાં સારાસારનો વિવેક છોડીને તે તૃપ્તિ માટે હીન પ્રયાસ કરે છે. બળાત્કારના મોટાભાગના કિસ્સાઓમાં ઘરના સભ્યો કે નજીકની વ્યક્તિઓ સંકળાયેલી હોય છે તેવું કેમ બને છે ? એનું કારણ એ કે ઇચ્છા જાગૃત થતાં સારાસારનો વિવેક, નિયમ કે બંધન શિથિલ થઈ જાય છે. વિરલ વ્યક્તિઓ જ આવી ઇચ્છા ઉપર

અંકુશ રાખી શકે છે. પ્રત્યેક ધર્મના મૂળમાં વાત તો ઈચ્છાના અંકુશની જ છે. માત્ર એ માટેના માર્ગો એણે જુદા જુદા સૂચવ્યા છે.

દક્ષિણ ભારતના મહાન સંત તિરુવલ્લુવરે આ વાત ખૂબ માર્મિક રીતે કહી છે. એમણે કહ્યું, "જેમણે ઈચ્છાઓનો ત્યાગ કર્યો છે તેવા સાધુઓના ગુણ ગાવા એટલા જ અસંભવ છે, જેટલી અસંભવ બાબત વિશ્વમાં અત્યાર સુધીમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓની ગણતરી છે." જે ઈચ્છાઓ મનુષ્યના જીવનને દુરાચરણને માર્ગે ખેંચી જાય છે, તે ઈચ્છાઓનો ત્યાગ કરવા માટે વ્યક્તિ પાસે સાહસની જરૂર છે. ક્યારેક સંજોગો આવી ઈચ્છાઓને ઉશ્કેરતા હોય છે. જુગારીઓ, વ્યસનીઓ કે દુરાચારીઓની મંડળીમાં આવી ઈચ્છાઓને સદૈવ ઉત્તેજન સાંપડતું હોય છે, આથી તો આપણે ત્યાં સારા માણસની મિત્રતાનો મહિમા કરવામાં આવ્યો છે અને સત્સંગની ગરિમા દર્શાવવામાં આવી છે.

સુખની શોધમાં નીકળેલો માનવી ધીરે-ધીરે પોતાના ભીતરમાં જવા પ્રયાસ કરે છે. એણે જોયું કે બહારના જગતમાં જે સુખની પ્રાપ્તિ થઈ, તે સુખ મિથ્યા કે આભાસી સુખ છે. એનાથી એના અંતરને કોઈ શાંતિ પ્રાપ્ત નથી, બલ્કે એનું મન દોડતું રહ્યું અને નવાં-નવાં સુખોની કલ્પનામાં રાચતું રહ્યું. એણે જીવનભર પ્રાપ્તિ માટે કોશિશ કરી અને પ્રાપ્તિ થયા પછી નારાયણદાન બાલિયા જેવા લોકકવિ કહે છે :

મારું મારું બધું માની લેનારને,
અંતમાં થયો છે અભાવો,
કોની માલિકી અને કોણ ભોગવશે,
ભાવિનો એ છે ભુલાવો.

ક્યારેક આ જગત પરથી અપાર ધન-સમૃદ્ધિ મૂકીને વિદાય થનારા લોકોના જીવનના અંતને કે પછી એમના જીવનના અંત પછીના સમયને જોજો. તેઓ આખી જિંદગી સંપત્તિ મેળવવા માટે પ્રયાસ કરે છે અને એમાં ને એમાં જ એમનું જીવન પૂર્ણ કરે છે. કેટલાક એ સંપત્તિનો સદ્વ્યય કરી શકતા નથી અને કેટલાક પુષ્કળ સંપત્તિ પ્રાપ્ત કરતી વખતે પુષ્કળ દાન આપવાનો વિચાર કરે છે અને વિચારમાં ને વિચારમાં જ એક પાઈનું પણ દાન કર્યા વિના સંસારમાંથી વિદાય લે છે !

મારા એક સ્વજન મને એમ કહેતાં કે મેં સાત પેઢી ચાલે એટલું ધન એકઠું કર્યું છે, પરંતુ એમની પછીની જ પેઢી સાવ નિર્ધન થઈ ગઈ ! એક સ્વજન જીવનભર કમાણી પાછળ દોડતા રહ્યા. કમાય પણ સારું અને એમની વિદાય પછી એમના પુત્રોએ એ મિલકતને માટે અદાલતમાં અને જાહેરમાં જંગ ખેલ્યો. એ મિલકત એમને એમ પડી રહી છે અને એક જ માતાના ઉદરમાંથી પેદા થયેલા ત્રણ સંતાનો વચ્ચે આજે સાત-સાત ભવના વેર હોય એવો લોહિયાળ જંગ ખેલાય છે.

આનું કારણ એ છે કે બહારની દોડમાં માનવી એના અંતરને જોઈ શકતો નથી. પોતાને આત્મા છે એવો વિચાર પણ એના ચિત્તમાં ઝબૂકતો નથી. માત્ર એટલું કે એની આ બહારની દોડ નિષ્ફળ જાય, ત્યારે એ ભીતર તરફ વળે છે. વાલિયો લૂંટારો ઋષિ વાલ્મિકી બને છે, કારણ એટલું જ કે પહેલાં વ્યક્તિ એના આત્માથી ઉન્મુખ હતો. હવે એ એના આત્માની સન્મુખ થાય છે. પહેલા એ પદાર્થો પ્રત્યે સન્મુખ હતો હવે એ પોતાના આત્મા તરફ સન્મુખ બને છે.

તો પ્રશ્ન એ જાગે કે માનવીએ ઈચ્છા કરવી જ નહીં. પશ્ચિમની વિચારધારામાં માનનારા લોકો કહે છે કે "ઈચ્છા કરો અને તેને સિદ્ધ કરવા પ્રયત્ન કરો." એમના કહેવા પ્રમાણે દૃઢ ઈચ્છાથી કાર્યસિદ્ધિ થાય છે. અહીં એ ભેદ સમજી લેવાની જરૂર છે કે

**(અનુસંધાન પાના નં. ૧૩ પર...)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૪૫)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

અચલ, અમન, નિર્ભય, આત્માના પ્રહરી, આત્મઅનંત સુખ-સમુદ્રના લહરી અને ચૈતન્ય ઉદ્યાનના ચરહી પરમકૃપાળુદેવની પત્રાંક-૮૧૯માં અક્ષુણ્ણ જ્ઞાન સરસ્વતીની વાગ્ધારાના શબ્દો છે, “ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય-કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે. ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે. અને તેથી જ અંતે જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.”

આ પત્ર ખંભાતના રાજરત્ન અંબાલાલભાઈને મુંબઈથી માર્ગશીર્ષ સુદ પાંચમ. રવિ. ૧૯૫૪માં લખેલ છે. વર્ષ ૩૧મું ચાલે છે. આત્મસિદ્ધિશાસ્ત્ર, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? એ ભાવદશાના ગુંજનમાં વર્તતા મહાજ્ઞાનીએ આ ઉચ્ચ ભાવનું અક્ષરાંકન કર્યું છે. ઉત્સાહ, ઉમંગ, પુરુષાર્થની તીવ્રતા સાથે આત્મજાગૃતિને સુદૃઢ બનાવી સાધક જાણે કેસરિયા કરતો હોય તેવા પુરુષાર્થના જોરમાં આવી જાય છે. દેવબાનંદનને નમોનમઃ.

શ્રી પૂજ્યપાદ આચાર્યદેવ સમાધિતંત્રમાં નાવમાં નદિયા ડૂબાડે તેવું અલૌકિક આલેખન કરે છે. સમભાવની મહાદશા પ્રત્યેક શ્લોકમાં ઘેરી બનતી જાય છે. જૈનદર્શનનો પ્રધાનસૂર સમભાવની સ્થિતિનું નિદર્શન આપે છે. આગળના અંકમાં શ્લોકમાં અભ્યાસ કર્યો કે પરમાત્મ પદમાં ભાવના કરતાં રહેવાથી તે જ્ઞાનસ્વરૂપ આત્મા હું છું એવા સંસ્કાર પામેલો જ્ઞાનીપુરુષ વારંવાર તેના જ દૃઢ સંસ્કારને કારણે નિશ્ચયથી આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે. તે વારંવાર સોऽहम् સોऽहम् નિજ સ્વરૂપમાં લીન બને છે હવે શ્લોક ઓગણત્રીસમાં કહે છે :

**मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदम् ।**
**यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मानम् ॥२९॥**

**અન્વય :**

मूढात्मा यत्र विश्वस्तः ततः अन्यत् भयास्पदं न यतः भीतः ततः अन्यत् आत्मानः अभयस्थानं न ।

**શબ્દાર્થ :** मूढात्मा - અજ્ઞાની બહિરાત્મા, यत्र - જેમાં , विश्वस्तः - વિશ્વાસ કરે છે, ततः - તેનાથી, अन्यत् - બીજું કોઈ, भय - ભયનું, आस्पदं - સ્થાન, न - નથી, यतः - જેથી, भीतः - ડરે છે, ततःअन्यत् - તેનાથી બીજું કાંઈ, आत्मनः - આત્માને, अभयस्थानं न - નિર્ભયસ્થાન નથી.

**ભાષાન્તર :** અજ્ઞાની બહિરાત્મા શરીર-પુત્ર-મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં વિશ્વાસ કરે છે. શરીરાદિ બાહ્ય પદાર્થોથી બીજું કોઈ ભયનું સ્થાન નથી તથા બહિરાત્મા પરમાત્મ સ્વરૂપના અનુભવથી ડરે છે, પણ પરમાત્મસ્વરૂપ સિવાય બીજું કોઈ આ આત્માને નિર્ભયસ્થાન મળે તેમ નથી. આત્મા જ નિર્ભયસ્થાન છે.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય શિષ્યની મનોભૂમિમાં જે આશંકા થઈ છે કે આત્મભાવના ભાવવાનું આગળના શ્લોકમાં કહ્યું છે તેના સંદર્ભે શિષ્ય કહે છે કે આત્મવિષયની ભાવનામાં કષ્ટપરંપરા છે. આત્મભાવનામાં વિશ્વાસ કરવા યોગ્ય નથી એમ માની દેહ, પુત્ર, પરિવારમાં તે વિશ્વાસ રાખીને સુખ પ્રાપ્ત કરે છે. તેને સાચું નિર્ભયસ્થાન શું છે તે આ શ્લોકમાં સમજાવે છે.

બહિરાત્માએ જ્યાં જ્યાં વિશ્વાસ મૂક્યો તે તે પરિભ્રમણના કારણરૂપ છે. સ્ત્રી, પુત્ર, માતા, પિતા, બન્ધુ જે દુઃખના કારણો છે તેમાં આત્મબુદ્ધિ કરી. તેથી સુખ મળે છે, તેઓ મારા છે અને હું તેમનો છું એવો વિશ્વાસ રાખે છે. ખરેખર આ કર્મના બંધના કારણો છે તેવું બહિરાત્માને ભાન નથી. આ કોઈ ભયના સ્થાન નથી. ખરેખર જે નિર્ભયસ્થાન છે તેમાં તેને ભીતિ લાગે છે. બહિરાત્મા અજ્ઞાનને કારણે જ્ઞાની અને જ્ઞાનીના ઉપદેશથી ડરતો રહે છે. તેમનું કહેવું કરીશ તો સંસારથી જુદો પડી જઈશ. બધો પરિગ્રહ છોડી દેવાનું કહેશે તો આપણે ભીખ માગવાનો વારો આવશે. કુટુમ્બ પરિવારના ત્યાગનું કહેશે. વ્રત-નિયમો પાળવાનું કહેશે. આવો ભય અજ્ઞાનીને રહે છે. કદાચ બહારથી મોક્ષ મળે તો સારું, મારે ધર્મ કરવો છે, આ બધાથી છૂટવું છે એમ કહે છે પણ અંતરના ગર્ભમાં સંસારની રુચિ પડી છે. તે સંસારી જીવોને મારા માનીને જીવે છે. તેમાં વિશ્વાસ રાખે છે પણ આત્મામાં વિશ્વાસ રાખતાં નથી. ખરેખર સંસારી જીવો એ ભયરૂપ છે. ચારગતિના ચકરાવામાં તેઓ નિમિત્ત બને છે.

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ સ્વામી બહિરાત્મ જીવોને ભયપદ અને નિર્ભય પદની યથાર્થ સ્થિતિ દર્શાવે છે. વિશ્વસનીય શું છે અને અવિશ્વસનીય શુ છે તે સ્પષ્ટ કરે છે.

૧. मूढात्मा यत्र विश्वस्तः ततः अन्यत् भयास्पदं न — હે વત્સ ! જે વિશ્વસનીય નથી ત્યાં તું વિશ્વાસુ થઈને જીવે છે. શરીર-પુત્ર-પત્ની-માતા-પિતા વગેરેને તે 'મારા' માન્યા છે, તે સર્વે મારી વિપત્તિ સમયે આવીને મને વિપત્તિમાંથી બહાર લઈ આવશે અને હું નિર્ભય થઈશ એમ માને છે. બાહ્ય પદાર્થમાં સુખ માની પ્રવર્તે છે. બધે ભય છે તેથી તે અજ્ઞાત છે.

''भोगे रोगभयं, कुले च्युति भयं वित्ते नृपालाद्भयं,
माने दैन्यभयं बले रिपुभयं रूपे तरुण्या भयं ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतांताद्भयम्,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यं एव अभयम् ॥''

શ્રી ભર્તૃહરિ કવિએ આ શ્લોક નીતિશતકમાં આલેખ્યો છે. કહે છે, ભોગમાં રોગનો ભય છે. કુળમાં ચ્યુત -પડવાનો ભય છે. લક્ષ્મીમાં રાજાનો ભય છે. માનમાં દીનતાનો ભય છે. બળમાં શત્રુનો ભય છે. રૂપથી સ્ત્રીને ભય છે. શાસ્ત્રમાં વાદ-ચર્ચા હારજીત વગેરેનો ભય છે. ગુણમાં ખલ પુરુષોનો ભય રહ્યા કરે છે. કાયા પર કાળનો - યમરાજનો ભય છે. સર્વ વસ્તુ ભયથી ભરેલી છે. એક માત્ર વૈરાગ્ય જ અભય છે. આ ઉપરાંત પણ સંસારમાં અનેક ભય રહ્યા છે. જન્મ થાય તો જીવતા રહેશે કે નહિ એ ભય છે. યૌવનમાં કામ-વાસનાનો ભય છે. વિવાહ થતાં સ્ત્રી દુષ્ટ હશે કે સારી તે ભય રહે છે. પુત્રીનો જન્મ થાય તો તેની ચારિત્રશુદ્ધિનો ભય રહે છે. પુત્ર હોય તો અનાદરનો ભય. ભાઈ હોય તો સંપત્તિના વિભાજનનો ભય. નોકરને માલિકનો ભય રહે છે. સુખ મળે તો સુખમાં કષ્ટ ન આવે એવા ભયથી પીડાય છે. ધન હોય તો ચોર કે રેડ પડે તેનો ભય. કીર્તિવાનને કાંઈ અપકીર્તિ ન થઈ જાય તેનો ભય રહ્યા કરે છે. આચાર્યને સંઘનો ભય, શિષ્ય બનાવે તો તે શિષ્ટ જ રહે તેવો ભય, ગુરુ થાય તો ગરિમા ટકી રહે તેનો ભય, તપમાં ખેદખિન્ન થવાનો ભય, પ્રતિષ્ઠામાં કલંકનો ભય, વ્યાપારમાં

હાનિનો ભય, અતિથિમાં તિરસ્કારનો ભય, દાનમાં અંતરાયનો ભય, સન્માનમાં મ્લાનતાનો ભય, વિજય પ્રાપ્ત થાય તો વિપક્ષનો ભય, વનમાં વાઘ આદિ હિંસક પ્રાણીઓનો ભય, વ્રતોમાં કષ્ટનો ભય, અધ્યયનમાં પરીક્ષાનો ભય, પરીક્ષામાં પરિણામનો ભય, યુદ્ધમાં વિજયનો ભય, રોગમાં મૃત્યુનો ભય, મરવામાં વેદનાનો ભય, સ્ત્રીસંસર્ગમાં અપવાદનો ભય, ઈષ્ટ વસ્તુમાં વિયોગનો ભય, અનિષ્ટ વસ્તુમાં સંયોગનો ભય, કાવ્યરચનામાં દોષોનો ભય, ઔષધિમાં આ સારી કે નહિ તેનો ભય, સ્વયંવરમાં પરાજયનો ભય, ઈત્યાદિ અનેક ભયો સંસારના ક્ષેત્રમાં છે. હે શિષ્ય ! આ સર્વમાં વિશ્વાસ કરવા યોગ્ય નથી. બહિરાત્મા અજ્ઞાનને કારણે પરવ્યક્તિમાં, પરપદાર્થમાં, પરભાવમાં વિશ્વાસ રાખે છે. વધારે અનિષ્ટ તો એમાં છે કે આ બધાને ભયનું સ્થાન માનતા નથી અને પરમાત્મામાં ભયનું સ્થાન માને છે.

પંડિત દૌલતરામજી કૃત 'છ ઢાળા'ની બીજી ઢાળમાં કહે છે,

"તન ઉપજત અપની ઉપજ જાન,
તન નશત આપકો નાશ માન;
રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન,
તિનહી કો સેવત ગિનત ચૈન."

રાગ, દ્વેષ, મોહ વગેરે સ્પષ્ટ રૂપે દુઃખ આપવાવાળા છે તેઓની સેવા કરે છે અને તેનાથી સુખ-શાંતિ મળે છે એમ માને છે તે બહિરાત્મા છે.

તેમ જ ૨/૬ ઢાળમાં કહે છે,

"શુભ-અશુભ બંધ કે ફલ મઁઝાર,
રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર;
આતમહિત હેતુ વિરાગ જ્ઞાન,
તે લખૈં આપકૂં કષ્ટદાન."

આત્મા સ્વરૂપને ભૂલી જઈને કર્મબંધના સારા ફળમાં પ્રેમ કરે છે, ખરાબ ફળમાં દ્વેષ કરે છે તથા જે રાગદ્વેષનો અભાવ અને સમ્યક્જ્ઞાન તથા સમ્યગ્દર્શન આત્મહિતના કારણ છે તેમને આત્માને દુઃખ આપનાર માને છે !

શરીર-પુત્ર-પત્ની-માતા-પિતા જે ભયનું સ્થાન છે. ખરેખર તેઓ દુઃખના કારણો છે. કર્મબંધના નિમિત્તો છે. ભવસાગરમાં ડૂબાડનાર છે. સંસારચક્રમાં ઘુમાવનાર છે, છતાં બહિરાત્મા તેઓને મારા માને છે. શરીર તે હું અને શરીર સાથે જોડાનાર તે બધા મારા. આમ, હું અને મારુંના દ્વંદ્વમાં ગુંચવાય છે. છતાં ત્યાં વિશ્વાસ રાખીને વર્તે છે. સંસારમાં કેટલાક પ્રસંગો એવા પણ બને છે. પુત્ર-પત્ની વચ્ચે વિવાદ ઊભા થાય છે. પોતાની હયાતી હોતાં પુત્ર કે પત્ની, માતા કે પિતા આયુષ્ય પૂર્ણ કરે છે તો પણ અજ્ઞાની બહિરાત્મા મિથ્યાત્વની ભયંકર માન્યતામાં બંધાયેલો ભય પામતો નથી. સમાધાન કરી લે છે; સંસારમાં આમ જ ચાલે ! સદ્ગુરુ બોધ આપે ત્યારે તેને સામાન્ય કરી લઈ ભૂલભરેલી મૂળ વાતને પકડી રાખે છે. અમૂલ્ય તત્ત્વ વિચારને સ્મરીએ,

"બહુ પુણ્યકેરા પંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો ?"

પરમાત્મદશાનું કે આત્મસુખ પ્રાપ્ત કરવા જતાં આ સંસારનું સુખ ચાલ્યું જશે એવી ભયની સ્થિતિ ઊંડાણમાં રહ્યા કરે છે. માટે તે અજ્ઞાનદશામાં જીવ્યા કરે છે. ખરેખર જે ભયસ્થાન છે ત્યાં મમત્વ કરે છે અને નિર્ભયસ્થાન છે ત્યાંથી વિરક્ત રહે છે. માટે આચાર્યદેવ કહે છે કે હવે સત્ય સમજી આત્મજ્ઞાન સ્વરૂપી નિજ વૈભવને જાણી લે, માણી લે, સ્વીકારી લે.

મૃગજળ સમાન સંસાર છે. પાણીનો ભાસ મૃગજળમાં થાય છે, પણ ખરેખર પાણી હોતું નથી. જંગલમાં મૃગલા તૃષાતુર હોવાથી પાણીની ભ્રાન્તિને કારણે તે તરફ દોડે છે. આગળ જતાં મૃગજળની ભ્રાન્તિ આગળ દેખાય છે. ફરી એ તે તરફ દોડે છે. એ જ અનુક્રમ ચાલે છે. અંતે તૃષાતુર મૃગને પાણી મળતું નથી કારણ ત્યાં છે જ નહિ. અંતે મરણને શરણ થાય છે. અજ્ઞાની સંસારને અભયસ્થાન માની ત્યાં વિશ્વાસ કરે છે. આ મહાદોષને દૂર કરવાનો બોધ આચાર્યદેવ આપે છે. હે વત્સ ! મૃગજળ સમાન સંસારને મારો માની ત્યાં ભયનું સ્થાન તને મનાતું નથી. હવે સાચી વસ્તુ જાણી ત્યાંથી મુક્ત થા.

પૂ. બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ સરસ્વતી કહે છે, "મોટા પુરુષની આજ્ઞા માનવી. તેમનાથી ડરવું. એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષાદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં- તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે. અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતા તારા દોષનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતા ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. હે જીવ, સુખ અંદરમાં છે, બહારમાં ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ? જેમ ઝાંઝવામાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે નહિ." જ્ઞાનીસંતો અજ્ઞાનીને જગાડે છે. ભ્રાન્તિમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવે છે. દુઃખ સ્વરૂપ એવા રાગાદિ ભાવોમાં તને વિશ્વાસ આવે છે અને નિર્ભયસ્થાન એવા આત્મસ્વરૂપમાં તને ભીતિ લાગે છે. તારી બહિર્મુખ દૃષ્ટિ થઈ ગઈ છે. મમત્વનો મદ એટલો પીધો છે કે મદથી ઘેરાયેલો બીજો વિચાર કરી શકતો નથી અને દુઃખી રહ્યા કરે છે તેમ તું મદોન્મત્ત થયો છું. બહારના સંબંધો સંયોગથી ઊભા થયા છે. સંયોગનો વિયોગ થશે, છતાં તેમાં ભય લાગતો નથી. માટે શરીર-પત્ની-પુત્ર - પરિવાર બાહ્ય પદાર્થોમાં રુચિ રાખીને રખડી રહ્યો છે.

આ શ્લોકનો ઉત્તરાર્ધનો આપણે આવતા અંકમાં અભ્યાસ કરીશું. અભયસ્થાન એક આત્મપદાર્થ જ છે તે વિચારીશું. **(ક્રમશઃ)**

● ● ●

## પદાર્થ પ્રત્યે સન્મુખ, તે આત્મા પ્રત્યે ઉન્મુખ

(પાના નં. ૯ પરથી ચાલુ...)

આપણે જેને ઇચ્છા કહીએ છીએ, તે મનમાં જાગતી સ્પૃહા છે, અપેક્ષા છે અને જીવનને બહાર ધકેલતી દૃષ્ટિ છે. શુભ ભાવથી કરેલી ઇચ્છાનો ક્યાંય અનાદર નથી. શાસ્ત્રોએ આવી બહારની દુનિયામાં દોડાવતી ઇચ્છાનો નિરોધ કરવાનું કહ્યું છે. જૈન દર્શને આ ઇચ્છાઓના નિરોધ રૂપે તપને બતાવ્યું છે. કોઈ દર્શને સત્સંગને, કોઈએ સ્વાધ્યાયને તો કોઈએ જ્ઞાન અને ભક્તિને ઇચ્છાઓના નિરોધના પ્રબળ સાધન તરીકે દર્શાવ્યા છે. આથી ભારતીય સંસ્કૃતિમાં ઇચ્છાનો જે અર્થ છે અને પાશ્ચાત્ય વિચારધારાનો જે અર્થ છે તે તદ્દન ભિન્ન છે. આવો ભેદ નહીં પારખનારા મોટી થાપ ખાય છે. 'કર્મ' શબ્દનો હિન્દુ શાસ્ત્રોમાં જુદો અર્થ છે, જૈન અને બૌદ્ધ શાસ્ત્રોમાં જુદો અર્થ છે અને પશ્ચિમમાં કર્મ શબ્દનો અર્થ માત્ર 'કામ કરવું' તેટલો જ છે.

આમ, વ્યક્તિ જીવનભર ધન સંપાદિત કરે અને એના સમગ્ર જીવનની એ પ્રવૃત્તિનો કશોય ફલિતાર્થ ન નીકળે, ત્યારે શું થાય ? કીર્તિ, સિદ્ધિ, સન્માન, સત્તા, સૌંદર્ય એ બહારની બાબતોમાં આપણે સફળતાનો ખ્યાલ મૂકી દીધો છે, પણ વાસ્તવમાં તો એના દ્વારા વ્યક્તિને પોતાને જીવનમાં સફળતાના આનંદનો અનુભવ થાય છે કે નહીં, એ માટે એણે આત્મનિરીક્ષણ અને આત્મવિશ્લેષણ કરવું જોઈએ.

■ ■ ■

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૯)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૯)**

**मैं भम्यो अपनपो विसरि आप,**
**अपनाये विधि फल पुण्य-पाप ।**
**निज को पर को करता पिछान,**
**पर में अनिष्टता इष्ट ठान ॥**

**શબ્દાર્થ :** હું મારા મૂળ સ્વરૂપને - આત્માને ભૂલીને આ સંસારમાં રખડી રહ્યો છું અને મારા જ કર્મોના ફળ સ્વરૂપ પુણ્ય-પાપ ભોગવી રહ્યો છું. હું મને પરનો કર્તા માનું છું અને પરને પોતાનો કર્તા માનું છું, તથા પર પદાર્થોમાં કોઈ પદાર્થ સારા અને કોઈ નરસા(ખરાબ) માનું છું.

**વિશેષ વિચારણા**

આ ગાથા અધ્યાત્મની અપેક્ષાએ ખૂબ સુંદર - અગત્યની - મહત્ત્વની છે. તેમાં ગૂઢ રહસ્ય ભરેલું છે, તેમાં દ્વાદશાંગીનો એટલે કે કરોડો શાસ્ત્રોનો સાર આવી જાય છે. પરમકૃપાળુદેવ ફરમાવે છે,

"સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?"

**— શ્રી રા. વ. પ. ૧૬૬**

ઉપરોક્ત ગાથાનો સાર શ્રી રા. વ. પ. ૨૦૦માં પણ આવેલો છે, જે નીચે પ્રમાણે છે —

"જીવ પોતાને ભૂલી ગયો છે, તેથી સત્‌સુખનો તેને વિયોગ છે, એમ સર્વધર્મ સમ્મત કહ્યું છે."

આ જગતમાં સૌને સુખ જોઈએ છે. કીડીથી કુંજર સુધી અને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સંજ્ઞી સુધીના જીવો સુખની શોધમાં છે, પણ સુખ ક્યાં છે તેની ખબર નહીં હોવાથી જ્યાં સુખ નથી ત્યાં સુખ શોધે છે - ઝાંઝવાના નીરથી પોતાની તૃષા છિપાવવા ઇચ્છે છે, અને તે માટે વ્યાકુળ થઈને ચારે ગતિમાં અને ૮૪ લાખ યોનિમાં રખડ્યા કરે છે પણ સુખને બદલે દુઃખ દુઃખ અને દુઃખ જ સહન કર્યા કરે છે.

"હે જીવ, ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં."

**— શ્રી રા. વ. પ. - ૧૦૮**

- "અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
  સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન."

**— 'વીસ દોહરા' શ્રીમદ્ રાજચંદ્ર**

- "અપને કો આપ ભૂલકે, હેરાન હો ગયા,
  માયા કે જાલમેં ફસા, વિરાન હો ગયા."

સર્વ સંસારી જીવો કે જેઓ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયા છે તેઓ એમ જ માને છે કે કર્મો જ મને આ સંસારમાં રખડાવે છે. એટલે કે મારા દુઃખનું કારણ આ જડ કર્મો છે, આ જ આપણી ભયંકર ભૂલ છે. અનાદિકાળથી આપણે આપણું સ્વરૂપ ભૂલી અને પર વસ્તુને પોતાની માની રાગદ્વેષ કર્યા - તેને લીધે પુદ્‌ગલ કર્મો એવા વિભાવભાવોનું નિમિત્ત પામી આપણા આત્મા સાથે સુજ્ઞુપણે ચોંટી ગયા. તે કર્મોનો પરિપાક થતાં ઉદયાવલિમાં આવી અને તેનું ફળ આપે જ છે, જે આપણે ભોગવવું જ પડે છે.

- "કર્મો કર્યા જે આપણે ભૂતકાળમાં જન્મો લઈ,
  તે કર્મનું ફળ ભોગવ્યા વિણ માર્ગ એકે છે નહીં;
  પરનું કરેલું કર્મ જો પરિણામ આપે મુજને,
  તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને."

**— શ્રી અમિતગતિ સામાયિક પાઠ**

- ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
  એમ શુભાશુભ કર્મનું ભોક્તાપણું જણાય.

**— શ્રી આત્મસિદ્ધિ - ૮૩**

- એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
  કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય.

**— શ્રી આ. સિ. ગા. ૮૪**

હે પ્રભો ! આ પૂર્વેકર્મોને - પુણ્ય - પાપભાવના ફળરૂપે ભોગવતી વખતે તેમાં ફરીથી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરું છું. તેથી ફરીથી નવા કર્મોનો બંધ કરી નવા જન્મો ધારણ કર્યા કરું છું અને સંસારના ત્રિવિધ તાપમાં બળ્યા કરું છું. હવે સંસારમાં તમારા સિવાય મારે બીજું કોઈ શરણ નથી.

- અશરણ કે તુમ શરણ હો, નિરાધાર આધાર;
  મૈં ડૂબત ભવસિંધુ મેં, ખેઓ લગાઓ પાર.

**— વિનયપાઠ**

## મહાપુરુષોના દૃષ્ટાંતો

(૧) **મહાત્મા બુદ્ધ :** ઘડપણ, મૃત્યુ, રોગ અને દરિદ્રતા નિહાળતા જ બુદ્ધનો આત્મા જાગી ગયો. સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું અને તેઓ સાચું સુખ મેળવવા તેમના સ્વરૂપવાન - ગુણવાન પત્ની યશોધરા અને પુત્રનો ત્યાગ કરી રાજમહેલમાંથી નીકળી ગયા. પૂર્વની આરાધકતા તથા વર્તમાન પુરુષાર્થ દ્વારા તેઓને બોધિની પ્રાપ્તિ થઈ.

(૨) **ભગવાન રામ :** જ્યારે તેમને વનવાસ જવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેઓને પોતાના પિતા તથા માતા કૈકેયી પ્રત્યે જરા પણ દ્વેષ ન થયો. કારણ કે તેઓએ અયોધ્યાના રાજા બનવામાં સાચું સુખ માન્યું જ નહોતું. તેઓનો જ્ઞાન-વૈરાગ્ય ઉત્કૃષ્ટ હતો, કારણ કે તેઓ સમ્યક્દૃષ્ટિ - મહાજ્ઞાની હતા.

મહાજ્ઞાનીઓને દૃઢ નિર્ણય થયો છે કે સંસારમાં ગમે તેવું -ચક્રવર્તીનું પણ સુખ હોય છતાં તેમાં ગર્ભિતપણે દુઃખ જ રહેલું છે. કારણ કે તે અનિત્ય છે. પુણ્ય કે પાપનો ઉદય તે કાયમ રહેતો નથી. સંસારમાં ઈન્દ્રિયસુખ કેવું છે ?

- પરયુક્ત બાધા સહિત ખંડિત, બંધ કારણ વિષમ છે,
  જે ઈન્દ્રિયોથી લબ્ધ તે સુખ, એ રીતે દુઃખ જ ખરે.

**— શ્રી પ્રવચનસાર - ૭૬**

સંસારના મોહી જીવોને મહાજ્ઞાની પુરુષો દારૂ પીધેલા નશામાં ચકચૂર મનુષ્ય સાથે સરખાવે છે. જેમ દારૂ પીધેલ મનુષ્ય બેભાન જેવો થઈ બીજાના ઘરને પોતાનું માની લે છે, તેમ મોહના નશામાં સંસારી જીવો પણ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે અને પરમાં પોતાનું સ્વામીપણું કરી - રાગદ્વેષ કરી અનંતકાળ સુધી રખડ્યા કરે છે.

- તન ઉપજત અપની ઉપજ જાન,
  તન નશત આપકો નાશ માન;
  રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન,
  તિનહી કો સેવત ગિનત ચૈન.

**— શ્રી છહઢાળા**

- પુણ્ય-પાપ ફલમાંહિ, હરખ વિલખૌ મત ભાઈ,
  યહ પુદ્ગલ પરજાય, ઉપજે વિનસૈ ફિર થાઈ;
  લાખ બાત કી બાત યહૈ નિશ્ચય ઉર લાઓ,
  તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાવો.

**— શ્રી છહઢાળા**

**ઉપસંહાર :** પુણ્ય - પાપ ભાવ અને તેનું ફળ તે આપણો સ્વભાવ નથી, પણ વિભાવભાવ - મોહભાવ છે. તેનો નાશ કરવા પરમાત્મા તથા સદ્ગુરુનું શરણ લઈ પોતાના આત્માનું શરણ લેવું.
"ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર."

**— શ્રીમદ્ રાજચંદ્ર**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

## બીજા તીર્થંકર

## શ્રી અજિતજિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ગણિશ્રી દેવચંદ્રજીએ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્તવનમાં અનંત પરપદાર્થો પ્રત્યેની પ્રીતિ તોડીને ઋષભ જિણંદ સાથે જોડવાની પ્રેરણા કરીને પ્રભુજીને અવલંબતાં સાધકની પોતાની પ્રભુતા પ્રગટે છે એવો વિશ્વાસ જગાડ્યો. હવે કોઈને અલ્પ પણ શંકા હોય કે પ્રભુનું અવલંબન તો નિમિત્ત માત્ર છે, તેનાથી મારામાં પ્રભુતાનું કાર્ય કઈ રીતે થાય ? તો તેનું સરળ રીતે નિરાકરણ શ્રી દેવચંદ્રજી આ બીજા તીર્થંકર શ્રી અજિતનાથ સ્તવનમાં ભક્તિમાર્ગમાં પણ રહેલા તત્ત્વજ્ઞાનના રહસ્યને ખોલીને કરે છે. ભક્તિસભર આ સ્તવનમાં કારણ-કાર્ય સંબંધ તેમજ નિમિત્ત-ઉપાદાનનો ત્રિકાળ અબાધિત સિદ્ધાંત રજૂ કરી, પ્રભુભક્તિરૂપ નિમિત્તની મહત્તાનો મુખ્ય દોર રાખી, ઉપાદાનને ગૌણ કર્યા વગર આપણને કઈ રીતે તાત્ત્વિક ભક્તિમાર્ગમાં આરૂઢ કરાવે છે તે અવલોકીએ :

**જ્ઞાનાદિક ગુણસંપદા રે, તુજ અનંત અપાર;**
**તે સાંભળતાં ઊપની રે, રુચિ તેણે પાર ઉતાર.**
**અજિત જિન તારજો રે, તારજો દીનદયાળ.**
**— અજિત૦ ૧**

શબ્દાર્થ : હે અજિતનાથ ભગવન્ ! તારી જ્ઞાન આદિ ગુણસંપત્તિ અનંત અને અપાર છે. તેની વાત સાંભળતાં મને પણ તેની રુચિ ઊપજી છે. મારી આ રુચિને હે દીનદયાળ પ્રભુ ! તું પાર ઉતારજે અને મને ભવસાગરથી તારજે. (જ્ઞાનાદિક = જ્ઞાન દર્શન આદિ; ગુણસંપદા = ગુણોની સંપત્તિ; ઊપની = ઊપજી)

**વિશેષાર્થ :** સ્તવનની શરૂઆત દેવચંદ્રજી પ્રભુના ગુણગાન કરી, તે પ્રત્યેની પોતાની અંતરંગ રુચિ બતાવી સંસારસાગરથી તારવાની પ્રભુને હાર્દિક વિનંતીથી કરે છે. કહે છે કે હે અજિતનાથ પ્રભુ ! સદ્ગુરુના સમાગમ અને સત્સંગ દ્વારા મને એમ સાંભળવા મળ્યું છે કે તમે અનંત અને અપાર આત્મિક ગુણોરૂપી સંપત્તિના સ્વામી છો, અત્યાર સુધી હું પુણ્યોદયથી મળેલ લૌકિક સંપત્તિમાં જ સુખ માની રાચતો હતો. પણ તે તો ક્ષણભંગુર, વિષય-કષાયના વિષથી ભરેલી અને અંતે તો સુખને બદલે વ્યાકુળતારૂપ દુઃખ આપનારી જ નીવડી. સંપત્તિ તો તેને કહેવાય જે મારી સાથે શાશ્વતપણે રહે અને શાશ્વતસુખ આપે. એવી સંપદા તો માત્ર તારી પાસે છે - "જ્ઞાનાદિક ગુણસંપદા" — અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ - આવા તો અનંત ગુણોનો ખજાનો અનંત કાળ સુધી ક્ષણે ક્ષણે તને સહજાનંદનો ભોગ કરાવે છે. સત્શાસ્ત્રો અને સદ્ગુરુ દ્વારા મેં એમ પણ જાણ્યું કે દરેક આત્મામાં અને એ રીતે મારામાં પણ આવી આત્મિક સંપત્તિ શક્તિરૂપે પડી છે. અજ્ઞાનના પડળો દૂર થતાં મારામાં પણ એ ગુણસંપદા પ્રગટી શકે એવી સંભાવના છે એમ સાંભળતાં સંસારથી થાકેલા આ જીવને તેની અત્યંત રુચિ જાગી છે. હે અજિતનાથ ! તું તો કરુણાનો સાગર છો. તારા શરણે આવેલાને તું તારા જેવી જ આત્મિક સંપત્તિનો સ્વામી બનાવે છે એમ સાંભળી હે પ્રભુ, હે દીનદયાળ ! આર્દ્ર હૃદયથી પ્રાર્થના કરું છું કે મારી આ રુચિને, મારી ઇચ્છાને પાર ઊતારજો અને મને આ દુઃખરૂપ ભવસાગરથી તારજો, તારજો.

આ પ્રાર્થનાની ફળશ્રુતિ તો યોગ્ય કારણ આપવાથી જ થાય એમ વિચારતાં શ્રી દેવચંદ્રજી

કારણ - કાર્ય સંબંધનું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન પ્રસ્તુત કરી ભક્તિને સાત્ત્વિકમાંથી હવે તાત્ત્વિક બનાવે છેઃ

**જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ;**
**મળતાં કારજ નીપજે રે, કર્તા તણે પ્રયોગ.**
**— અજિત૦ ૨**

**શબ્દાર્થ :** જે કાર્ય માટે જે જે કારણો મળે, તેમ જ સંયોગી સામગ્રી મળે અને એ મળતાં કર્તા તેનો પ્રયોગ કરે ત્યારે કાર્ય નીપજે છે, અર્થાત્ કાર્યની સિદ્ધિ થાય છે. (કારજ = કાર્ય)

**વિશેષાર્થ :** કર્તા - કારણ - કાર્યનો ત્રિકાળ અબાધિત સિદ્ધાંત દેવચંદ્રજી અહીં રજૂ કરે છે. કોઈપણ કાર્યની સફળતાપૂર્વકની સિદ્ધિ માટે (૧) યોગ્ય કારણ, (૨) તે માટેની યોગ્ય સામગ્રીનો સંયોગ અને (૩) તે કારણને પ્રયોગમાં મૂકનાર કર્તા - આ ત્રણનો સંબંધ થવો અનિવાર્ય છે. યોગ્ય કારણ બે પ્રકારના છે - ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ. ઉપાદાન કારણ એટલે વસ્તુની નિજશક્તિ, જે કારણ સ્વયં કાર્યરૂપે પરિણમે છે. નિમિત્ત કારણ એટલે તે કાર્યમાં સહાયક પરદ્રવ્ય જેની હાજરી અનિવાર્ય છે, પરંતુ તે કાર્યરૂપે ન પરિણમે અને કાર્ય પૂરું થતાં ખસી જાય છે, અર્થાત્ પછી તેમાં નિમિત્તપણું રહેતું નથી. સામગ્રી એટલે તે કાર્યમાં બીજા ગૌણપણે સહાયક પરદ્રવ્યો. કર્તા એટલે તે કારણો અને સામગ્રીનો ઉપયોગ કરી જે કાર્ય પૂરું કરે તે વસ્તુ અથવા વ્યક્તિ. દૃષ્ટાંતરૂપે માટીમાંથી ઘડો બનવાનું કાર્ય - તેમાં માટી તે ઉપાદાન કારણ છે, કારણ કે તે સ્વયં ઘડારૂપે પરિણમે છે. કુંભારનો ચાક તે નિમિત્ત કારણ છે, જે આ કાર્યમાં સહાયક વિશિષ્ટ પરદ્રવ્ય છે. દંડ, પાણી, ભઠ્ઠી આદિ સામગ્રી છે. આ કારણોને ભેગા કરી ઘડો બનાવનાર કર્તા તે કુંભાર છે. (કુંભાર પરદ્રવ્ય હોવા છતાં દૃષ્ટાંતનો પરમાર્થ સમજવા હમણાં તેને કર્તા તરીકે લઈએ છીએ.) તેમ આત્મજ્ઞાનરૂપી કાર્ય કરવામાં સત્‌દેવ - ગુરુ- શાસ્ત્ર નિમિત્ત કારણ છે. જીવ સ્વયં (માટીની જેમ) ઉપાદાન કારણ છે. મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમકુળ, મન અને ઇન્દ્રિયોની પર્યાપ્તિ આદિ બાહ્ય અનુકુળ સામગ્રી છે. આટલું મળતાં હવે કર્તા કોને કહીશું ? તો કર્તા એ કે જે આ નિમિત્તો મળતાં માત્ર બેસી ન રહે પરંતુ સત્‌દેવ - ગુરુ - ધર્મના બોધને પ્રયોગમાં મૂકે. કર્તા તે મુમુક્ષુ જીવ છે કે જેનામાં ઉપાદાન જાગૃત થયું છે, પ્રભુના જેવા ગુણો પ્રગટાવવાની રુચિ જાગી છે. આવો પાત્ર જીવ નિમિત્ત - ઉપાદાનનો અનેકાંતપૂર્વક આશ્રય કરી આત્મજ્ઞાન, સમ્યગ્‌દર્શન કે મોક્ષરૂપી કાર્ય પોતામાં જ નીપજાવે છે અર્થાત્ તેનો કર્તા બને છે. જેમ કુંભાર જ ઘડાનો કર્તા બની શકે, નહીં કે લુહાર કે સુથાર; તેમ રુચિવાન મુમુક્ષુ જીવ જ પરમાર્થનો કર્તા બની શકે. દૃષ્ટાંતમાં ફરક એટલો છે કે કર્તા કુંભાર ઘડારૂપી કાર્યથી ભિન્ન છે, જ્યારે પરમાર્થ કાર્યમાં કર્તા-કારણ-કાર્ય ત્રણે અભિન્ન છે. અહીં એટલું ધ્યાનમાં લેવું અત્યંત જરૂરી છે કે એકાંતે માત્ર નિમિત્તની કે માત્ર ઉપાદાનથી સાધના કરવાથી કાર્યસિદ્ધિ નહીં થાય. નિમિત્ત-ઉપાદાનની વિશેષ સમજણ શ્રીમદ્ રાજચંદ્રજી રચિત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા ૧૩૫-૧૩૬ તેમજ અન્ય શાસ્ત્રોમાંથી મળી શકશે.

હવે પ્રભુરૂપી નિમિત્તનું મહત્ત્વ અને મુમુક્ષુ-કર્તાનું કર્તવ્ય સમજાવતાં દેવચંદ્રજી કહે છે :

**કાર્યસિદ્ધિ કર્તા વશુ રે, લહી કારણ સંયોગ;**
**નિજ પદકારક પ્રભુ મિલ્યા રે, હોય નિમિત્તહ ભોગ.**
**— અજિત૦ ૩**

**શબ્દાર્થ :** કર્તાએ જ બધા કારણો અને સંયોગને સેવીને કાર્ય કરવાનું છે, માટે કાર્યસિદ્ધિ કર્તાને વશ છે. નિજપદની પ્રાપ્તિ કરાવનાર પ્રભુ મળ્યા છે તો કર્તાએ તે નિમિત્તનો ભોગ કરી લેવો જોઈએ. (વશુ = ને વશ છે, આધીન છે; લહી =

લઈને, ઉપયોગ કરીને, સેવીને)

**વિશેષાર્થ :** મોક્ષમાર્ગમાં સહાયક બધા કારણો અને સંયોગ મળ્યા પછી મુમુક્ષુ એવો કર્તા તેનો ઉપયોગ કરીને મોક્ષરૂપી કાર્ય માટે કટિબદ્ધ થયો હોય તો જ કાર્યસિદ્ધિ થાય. માટે કાર્યસિદ્ધિ કર્તાને વશ છે એમ અહીં કહ્યું. મોક્ષરૂપી કાર્ય માટે અત્યંત સુપાત્ર એવા મુમુક્ષુનું (કર્તાનું) ઉપાદાન કારણ તો જાગૃત થયું છે. મનુષ્યત્વ, ઉત્તમકુળ આદિ અનુકૂળ સંયોગો પણ મળ્યા છે. હવે બાકી રહ્યું નિમિત્ત કારણ. તો તેમાં પણ પુષ્ટ નિમિત્ત એવા **"નિજ પદકારક"** - નિજપદને પ્રાપ્ત કરાવે તેવા પ્રભુ પણ મળ્યા છે. તો હવે કરવાનું એટલું જ રહ્યું કે તે પુષ્ટ નિમિત્તનો પૂરેપૂરો ભોગ કરી લેવો, ઉપયોગ કરી લેવો - "હોય નિમિત્તહ ભોગ" - અર્થાત્ અનન્ય ભક્તિપૂર્વક પ્રભુનું શરણ ગ્રહી, તેમના ઉપદેશને અનુસરી, તેમની આજ્ઞાનું આરાધન કરી મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ કરવામાં મંડી પડવું. સંસાર-પરિભ્રમણમાં અનેકવાર તીર્થંકર ભગવાનના સમવસરણમાં આ જીવ ગયો પરંતુ તે પુષ્ટ નિમિત્તનો ભોગ ન કર્યો, યથાર્થ અવલંબન ન લીધું, તેમની ગુણસંપદા પ્રત્યે રુચિ ન જાગી. હવે જાગૃત મુમુક્ષુ આ ભૂલ નથી કરતો. સંસારના સર્વ પ્રસંગો અને પ્રકારોને ગૌણ કરી આ પુષ્ટ નિમિત્ત મળ્યું છે તેની પરમ પ્રેમે ઉપાસના, આરાધના કરી આત્મસાક્ષાત્કારરૂપ કાર્યની સિદ્ધિ કરે છે. પ્રભુરૂપી આ ઉત્કૃષ્ટ નિમિત્તનું કેટલું બધું ઉપકારકપણું છે તે હવે એક પ્રચલિત દૃષ્ટાંત દ્વારા દર્શાવે છે :

**અજકુલગત કેશરી લહે રે, નિજપદ સિંહ નિહાળ;**
**તિમ પ્રભુભક્તે ભવિ લહે રે, આતમશક્તિ સંભાળ.**

**— અજિત૦ ૪**

**શબ્દાર્થ :** જેમ ઘેંટાના કુળમાં (ટોળામાં) ભળી ગયેલ સિંહનું બચ્ચું, સિંહને જોઈને પોતાનું સિંહત્વ પ્રાપ્ત કરે છે, તેમ ભવ્ય જીવને પ્રભુભક્તિ વડે પોતાની આત્મશક્તિનું ભાન થાય છે. (અજ = ઘેંટું, બકરું; કુલગત = કુળમાં, ટોળામાં ભળી ગયેલ; કેશરી = સિંહ; નિહાળ = જોઈને)

**વિશેષાર્થ :** ઉપાદાન જાગૃત કરવામાં નિમિત્તનું કેટલું માહાત્મ્ય છે તે આ દૃષ્ટાંત દ્વારા દેવચંદ્રજી સમજાવે છે. ગર્ભવતી સિંહણ બચ્ચાને જન્મ આપી શિકારીથી બચવા ભાગી જાય છે. એક ભરવાડ કરુણાવશ તે બચ્ચાને પોતાના ઘેંટાના ટોળા સાથે રાખી તેનો ઊછેર કરે છે. ધીમે ધીમે તે બચ્ચું પોતાને ઘેંટું માનવા લાગે છે. તે જ રીતે આપણે અનંત જ્ઞાનસ્વરૂપ પરમાત્માના કુળના હોવા છતાં અજ્ઞાનવશ પોતાને જડસ્વરૂપ દેહ માનીએ છીએ. સિંહનું બચ્ચું ઘેંટાંના સંગમાં બેં-બેં કરતું થઈ જાય છે. તેમ આપણે સ્વરૂપના વિસ્મરણથી અહં-મમત્વરૂપી 'મેં-મેં' અને 'મારું-મારું' કરીએ છીએ ! એક દિવસ એક સિંહની ગર્જના સાંભળી બધા ઘેટાં ભાગે છે તેમ આ બચ્ચાંને પણ ભાગતું જોઈ પેલા સિંહને આશ્ચર્ય થાય છે. પણ વાત સમજાઈ જતાં તે બચ્ચાને પકડી એક સરોવરના પાણીમાં તેનું મોઢું બતાવે છે. અને બે-ત્રણ વાર ગર્જના કરી બચ્ચાને ગર્જના કરવા પ્રોત્સાહિત કરે છે. પહેલાં તો બેં-બેં જ અવાજ નીકળે છે ! જેમ આપણે પ્રભુ મળવા છતાં તુરત અહં-મમત્વ છોડી શકતા નથી. પણ પોતાનું સ્વરૂપ આ સિંહ જેવું જ છે એવું ભાન થતાં "અજકુલગત" કેશરીનું બચ્ચું "લહે નિજપદ" - પોતાના સ્વરૂપને ઓળખી સિંહત્વને પ્રાપ્ત થાય છે. સિંહત્વ તો હતું જ પણ હવે તેનું 'ભાન' થાય છે. એ જ રીતે ભવ્ય જીવને પ્રભુના દર્શન થાય છે ત્યારે તેમના બોધથી, તેમની પ્રશાંત, પ્રસન્ન, નીરાગી અને નિર્વિકારી મુખમુદ્રા, તથા તેમના સહજાનંદ સ્વરૂપના દર્શનથી પોતાનું મૂળ સ્વરૂપ આવું જ ઐશ્વર્યવાન છે એમ ધીમે ધીમે સમજાતું જાય છે. પ્રભુના દર્શનથી તેમજ તેમના લઘુનંદન એવા કોઈ આત્મજ્ઞાની સત્પુરુષના દર્શન, અને

દીર્ઘકાળના સમાગમથી પોતાની નિજસંપદાનું ભાન થતાં આ ભવ્ય જીવ ''આતમશક્તિ સંભાળ'' - પોતાની આત્મશક્તિની સંભાળ લઈ, તેને સંસારના ક્ષણિક પ્રલોભનોથી બચાવી, ''પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો'' ના પુરુષાર્થમાં લાગી પડે છે.

સુયોગ્ય નિમિત્ત કારણનું કાર્યસિદ્ધિમાં કેટલું મહત્ત્વ છે તે આ ગાથા વડે સમજાય એવું છે. પ્રભુના સ્તવનમાં ભક્તિમાર્ગની જ મુખ્યતા હોય ને ! તેથી હવે પછીની ગાથામાં પણ દેવચંદ્રજીનો ઝોક પ્રભુભક્તિ તરફ જ રહેશે. તેમ છતાં નિમિત્ત - ઉપાદાનનું તત્ત્વજ્ઞાન ખંડિત ન થાય એ રીતે તેનું સ્વરૂપ બતાવે છે :

**કારણપદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ;**
**નિજપદ અર્થી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ.**
**— અજિત૦ ૫**

**શબ્દાર્થ :** નિજપદનો અર્થી નિમિત્ત કારણ એવા પ્રભુ ઉપર જ અભેદપણે કર્તાનો આરોપ કરી હવે પ્રભુ પાસે જ અનેક ઉમેદ, આશા રાખે છે.

**વિશેષાર્થ :** નિશ્ચયનયથી તો સાધક ભવ્યાત્મા સ્વયં પોતાનું ઉપાદાન જાગૃત કરી પોતામાં આત્મજ્ઞાનરૂપી કાર્યસિદ્ધિનો કર્તા બને છે. પરંતુ વ્યવહારનયથી આ કાર્ય 'પ્રભુ થકી' થયું એમ નિમિત્તરૂપ પ્રભુ ઉપર કર્તાપણાનું આરોપણ કરે છે. 'આરોપ કરવો' એટલે ખરેખર પ્રભુ કર્તા નથી, તેઓ તો નિજાનંદમાં મસ્ત છે, પરંતુ સાધક ભક્તિવશ તેમને પોતાના કાર્યના કર્તા કહે છે. નિમિત્તને જ એકાંતે કર્તા માનવા તે ખોટું છે, પણ નિમિત્તમાં કર્તાપણાનો આરોપ કરવો તે કંઈ ખોટું નથી. સાધકના ભક્તહૃદયમાં પ્રભુના ઉપકારનું એટલું પ્રબળ વેદન છે કે તે કહે છે, ''મેં કંઈ જ કર્યું નથી, બધું પ્રભુ થકી જ થયું છે.'' કેમ ? કારણ કે આવા ભક્તિભાવમાં તે પોતાનો મોટો શત્રુ એવા અહંકારનો નાશ થતાં જુએ છે. વળી, આ ભાવનાથી અકર્તાભાવ અને ઉત્કૃષ્ટ વિનયગુણનું પ્રાગટ્ય તેની આત્મસ્થિરતામાં વધુ સહાયક બને છે. વળી, તત્ત્વ-દૃષ્ટિએ પણ કાર્યસિદ્ધિમાં નિમિત્તની અનિવાર્યતાનો સ્વીકાર છે, નિષેધ નથી. જો સિંહને જોયો ન હોત તો સિંહનું બચ્ચું જિંદગીપર્યંત પોતાને ઘેટું માની જીવ્યું હોત. તેમ પ્રભુના દર્શન, સેવન, પૂજા, શરણાગતિ તેમજ સત્પુરુષોના સત્સંગ, સત્શાસ્ત્ર આદિ નિમિત્ત વગર સાધક આત્મભાન વગર સંસારમાં રખડી રહ્યો હોત. તેથી પ્રભુરૂપી ઉત્કૃષ્ટ નિમિત્તમાં કર્તાપણાનો આરોપ કરવામાં ભક્તને કોઈ બાધા નડતી નથી. તેણે પ્રભુ સાથે અભેદતા પણ એવી સાધી છે કે નિમિત્ત તરીકે આરોપણ કરતી વખતે પણ હું પ્રભુ જેવો જ શક્તિરૂપે છું પણ પ્રગટરૂપે તેવા થવાની જવાબદારી મારી જ છે એવી તાત્ત્વિક સમજણ પણ તેનામાં જાગૃત છે.

પ્રભુના શરણે જવાથી જો આવી અમૂલ્ય આત્મિક સંપત્તિ, સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે તો હવે આ અનન્ય ભક્ત 'આંગળી આપતાં પહોંચો પકડે.' એ કહેવત પ્રમાણે વિચારે છે કે પ્રભુનું દાસત્વ સ્વીકાર્યું જ છે તો પૂરેપૂરું બધું માંગી લેવામાં શું સંકોચ ? તેથી તે ''નિજપદ અર્થી'' - આત્માર્થી ''પ્રભુ થકી કરે અનેક ઉમેદ'' - પ્રભુ પાસે અનેક પ્રકારની પારમાર્થિક ઉમેદ, ઉમ્મીદ, આશા રાખે છે કે હે દીનદયાળ ! તમે કૃપા કરી-સમ્યગ્દર્શન આપ્યું તો હવે અનંત કૃપા વરસાવી, બીજું સમકિત આપો, ત્રીજું સમકિત આપો, (શ્રીમદ્જી વચનામૃત - પત્રાંક-૭૫૧), ક્ષાયિક સમકિત આપો અને સમ્યક્ ચારિત્રના સોપાનો ચઢવામાં સાથ આપી મોક્ષ સુધી નિર્વિઘ્ને પહોંચાડી દો ! જોયું, કેવો જબરો ભક્ત છે ! અને કેવી છે તેની ભક્તિ અને મોક્ષની તાલાવેલી !

આવા દીનદયાળ તરણતારણ જહાજરૂપ પ્રભુના ગુણગાન અને પ્રભુ થકી પોતામાં શું રૂપાંતરણ થયું તે આગળની ગાથાઓમાં જોઈશું.

**(ક્રમશઃ)**

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૬)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

**-: પાંચ અણુવ્રત :-**

હિંસાદિ પાંચ મોટા પાપોનો એકદેશ ત્યાગ અણુવ્રતોના અંતર્ગત આવે છે.

**(૧) અહિંસાણુવ્રત :**

**સ્વરૂપ :** જગતના કોઈપણ જીવને મારે પીડા પહોંચાડવી નથી એવો અભિપ્રાય રાખીને ત્રસજીવોની હિંસાનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવો તથા યથાસંભવ સ્થાવર જીવોની રક્ષા કરવાનો યત્ન પણ કરવો તે અહિંસાણુવ્રત છે.

**''प्रमत्तयोगात् प्राणव्यपरोपणम् हिंसा''** અર્થાત્ પ્રમાદયુક્ત મન, વચન, કાયાના યોગથી પ્રાણોનો વ્યુચ્છેદ કરી દેવો તેને હિંસા કહી છે. તેના ચાર પ્રકાર કહ્યાં છેઃ-

**(i) આરંભી હિંસા :-** સફાઈ કરવી, ભોજન બનાવવું, રમત રમવી ઈત્યાદિ આરંભોથી જે હિંસા થાય છે તેને આરંભી હિંસા કહે છે.

**(ii) ઉદ્યોગી હિંસા :-** કારખાના, કૃષિઆદિ ઉદ્યોગોથી જે પ્રાણીહિંસા થાય છે તેને ઉદ્યોગી હિંસા કહે છે.

**(iii) વિરોધી હિંસા :-** કોઈ શત્રુ, હિંસક પ્રાણી, દુષ્ટ વ્યક્તિ દ્વારા આક્રમણ કે છળ-કપટ કરવા, ઈત્યાદિનો ઉપદ્રવ થતા પોતાનો બચાવ તથા સામાજિક વ્યવસ્થા જાળવી રાખવા માટે તેમનો પ્રતિકાર કરવામાં જે હિંસા થાય છે તેને વિરોધી હિંસા કહે છે.

**(iv) સંકલ્પી હિંસા :-** દુષ્ટ અભિપ્રાયથી ઈરાદાપૂર્વક જીવોની હિંસા કરવી તેને સંકલ્પી હિંસા કહે છે. શ્રાવક ચોથી સંકલ્પી હિંસાનો સર્વથા ત્યાગી હોય છે તથા શેષ ત્રણથી યથાસંભવ શક્તિ અનુસાર બચે છે.

આ વ્રતમાં સ્થિરતા જાળવી રાખવા માટે પાંચ ભાવનાઓની આરાધના કરવા કહ્યું છે.

**● અહિંસાવ્રતની પાંચ ભાવનાઓ :**

**''वांङ्मनोगुप्तीर्यादान निक्षेपणसमित्यालोकित-पानभोजनानि पञ्च''** અર્થાત્ વચન ગુપ્તિ, મનોગુપ્તિ, ઈર્યાસમિતિ, આદાન-નિક્ષેપણ સમિતિ, આલોકિતપાનભોજન - આ પાંચ અહિંસાવ્રતની ભાવનાઓ છે.

(૧) **વચનગુપ્તિ :** મૌન રહેવું તે વચનગુપ્તિ છે. તેનાથી વચન દ્વારા થનારી જીવોની વિરાધનાથી બચી શકાય છે. વચન દ્વારા વાયુકાયિક અને સૂક્ષ્મ ત્રસજીવોની વિરાધના તથા વધારે બોલવાથી મિથ્યાવચન સંબંધી આત્મહિંસા-આ બન્ને પ્રકારની હિંસાની સંભાવના રહે છે, જે મૌન રહેવાથી પૂર્ણતયા સમાપ્ત થઈ જાય છે.

(૨) **મનોગુપ્તિ :** અનાવશ્યક સંકલ્પ - વિકલ્પોનો ત્યાગ મનોગુપ્તિ છે. એનાથી માનસિક હિંસા અર્થાત્ અપધ્યાનથી બચી જવાય છે.

(૩) **ઈર્યાસમિતિ :** જીવોની રક્ષાના અભિપ્રાયથી ચાર હાથ આગળ જોઈને ચાલવું તેને ઈર્યાસમિતિ કહે છે.

(૪) **આદાન-નિક્ષેપણ સમિતિ :** વસ્તુઓ લેતાં-દેતાં, રાખતાં-ઉપાડતાં સમયે જીવોની વિરાધના ન થાય તેનું ધ્યાન રાખવું તે

આદાન-નિક્ષેપણ સમિતિ છે.

(૫) **આલોક્તિભોજનપાન :** દિવસે અજવાળામાં આહાર-પાણી વાપરી લેવા તેને આલોકિત ભોજનપાન કહે છે.

જો કે મુખ્યરૂપે આ ભાવનાઓ મહાવ્રતીઓને યોગ્ય છે, પરંતુ દેશવ્રતીએ પણ યથાસંભવ એનું આરાધન કરવું એવી ગુરુઓની આજ્ઞા છે.

★ **અહિંસાણુવ્રતના અતિચાર :-** એકદેશવ્રતનો ભંગ થવો તેને અતિચાર કહે છે. અહીં એકદેશવ્રત ભંગનો અર્થ એ છે કે અભિપ્રાયમાં તેને વ્રતભંગ કરવાનો ભાવ નથી, પરંતુ ચારિત્રમોહના પ્રબળ ઉદયથી તે વ્રતથી વિપરીત આચરણ કરી લે છે. અહિંસાણુ વ્રતના પાંચ અતિચાર નીચે મુજબ છેઃ-

**"बन्धवधच्छेदातिभारोपणान्नपाननिरोधाः ।"**

બંધ, વધ, છેદ, અતિભારારોપણ, અન્નપાનનિરોધ આ પાંચ અહિંસાણુવ્રતના અતિચાર છે.

(૧) **બંધ :-** પ્રાણીઓને દોરડા આદિથી બાંધીને તેની ઈચ્છિત જગ્યાએ જતા રોકી રાખવા તે બંધ નામનો અતિચાર છે. જેમ કે પક્ષીઓને પાંજરામાં રાખવા, ગાય, ભેંસ આદિને આખો દિવસ ઘરમાં બાંધી રાખવા, કોઈ વ્યક્તિને એક જગ્યાએ નજરબંધ કે કેદ કરી દેવા, નોકરને તેના ઘેર ન જવા દેવો આદિ.

(૨) **વધ :-** દશ પ્રાણોમાંથી કોઈપણ પ્રાણને પીડા પહોંચાડવી તે વધ નામનો અતિચાર છે. જેમ કે મારી-મારીને ચામડી ઉખેડી નાખવી, જીભ કાપી લેવી, આંખો ફોડી નાંખવી, કાનોમાં ખીલા ઠોકવા,ગળું દાબીને શ્વાસ રોકવો આદિ.

(૩) **છેદ :-** પ્રાણીઓના શરીર તથા અંગોનું છેદન-ભેદન કરવું તે છેદ નામનો અતિચાર છે. જેમ કે નાક-કાન છેદવાં, ગુપ્તાંગોનો છેદ કરવો ઈત્યાદિ.

(૪) **અતિભારારોપણ :-** પોતાના આધીન પશુ, નોકર આદિ ઉપર તેમની શક્તિ ઉપરાંત ભાર લાદવો, પોતે પણ લોભાદિને કારણે પોતાની શક્તિથી વધારે વજન ઉપાડવું તે અતિભારારોપણ અતિચાર છે. દા.ત. બળદગાડીમાં સામાન વધારે લાદવો, કુલીઓને વધારે વજન ઉપડાવવું, પૈસા ન દેવા પડે માટે પોતે ઘણું વજન ઊંચકવું ઈત્યાદિ.

(૫) **અન્નપાન નિરોધ :-** પોતાને આધીન પ્રાણીઓને સમયસર આહાર-પાણી ન દેવા અથવા તેને ભૂખ્યા રાખવા તે અન્નપાન નિરોધ નામનો અતિચાર છે. જેમ કે ઘરના પશુઓને સમયે ચાર-પૂળો ન આપવા કે ભૂલી જવું. માતા પોતાના બાળકને સમયે દૂધ ન પીવડાવે કે ભોજન ન કરાવે ઈત્યાદિ.

## (૨) સત્યાણુવ્રત

★ **સ્વરૂપ :-**

**"હું એવું જૂઠું નહી બોલું કે જેનાથી કોઈ અન્યને પીડા પહોંચે" આ પ્રકારના સંકલ્પને સત્યાણુવ્રત કહે છે** અથવા સ્થૂળ જૂઠનો ત્યાગ કરવો અર્થાત્ લોભ કે દુર્ભાવનાને વશીભૂત થઈને એવા જૂઠ વચન કહેવા નહી કે જે કોઈના પ્રાણોને પીડા પહોચાડે તેને સત્યાણુવ્રત કહે છે. અહીં પ્રાણોનો અર્થ દશ પ્રકારના પ્રાણોથી છે.

**"प्रमत्तयोगात् असद्मिधानमनृतम्"** અર્થાત્ પ્રમાદયુક્ત થઈ જૂઠા વચન બોલવા તે અસત્યનું લક્ષણ છે. સત્યાણુવ્રતના પ્રસંગમાં 'પ્રમાદ' નો અર્થ મુખ્યરૂપથી અન્યના અહિતની ભાવનાથી બોલાયેલ અસત્યવચન સમજવું જોઈએ. અર્થાત્ દુર્ભાવનાથી રહિત હિતઆશયથી બોલાયેલ વચનને સત્યવચન કહે છે. ભલે તે બહારથી જૂઠું દેખાતું હોય પરંતુ

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૨૮)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય
## નં. ૭ : (પ્ર)ભામંડળ

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**( शुभ्र ) शुम्भत् प्रभा वलय भूरि विभा विभोस्ते,**
**लोकत्रय द्युतिमतां द्युति माक्षिपन्ती ।**
**प्रोद्यद् दिवाकर निरन्तर भूरि संख्या,**
**दीप्त्या जयत्यपि निशामपि सोम सौम्याम् ॥३४॥**

● **શબ્દાર્થ :** शुभ्र - શ્વેત, शुम्भत् - શોભાયમાન, प्रभा - આભા, वलय - મંડળ, प्रभा वलय - ભામંડળ, भूरि – અત્યંત, विभा - તેજસ્વિતા, विभो - (હે) વિભો !, વિભુની, ते - તમારી, लोकत्रय - ત્રણે લોકનાં, द्युतिमतां - દ્યુતિ(કાન્તિ)માન પદાર્થોની, द्युतिम् - દ્યુતિને, કાન્તિને, आक्षिपन्ती - તિરસ્કૃત કરે છે, ઝાંખી પાડે છે, प्रोद्यद्(त्) - ઉદય પામતા (પ્રકાશતા), दिवाकर - સૂર્ય, निरन्तर - સતત, भूरि - અનેક, संख्या - સંખ્યાવાળા, दीप्त्या - કાન્તિથી, जयति - જિતે છે, अपि - પણ, निशाम् - રાત્રિને, सोम - ચંદ્ર, सौम्याम् - શીતલ પ્રભા વડે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**કાંતિ તારી અતિ સુખભરી, તેજવાળી વિશેષે,**
**ઝાંખા પાડે ત્રણ જગતના દ્રવ્યનાં તેજને યે;**
**જો કે ભાસે રવિસમૂહની ઉગ્રતાથી ય ઉગ્ર,**
**તો યે લાગે શીતળ બહુ એ, ચંદ્રની ઠંડીથી ય.(૩૪)**

● **ભાવાર્થ :** હે વિભો ! આપના ઉજ્જવળ પ્રભા-વલયની અતિશય(શ્રેષ્ઠ) કાન્તિ(પ્રભા, તેજસ્વિતા) ત્રણ જગતના તેજસ્વી પદાર્થોના તેજને હણી નાંખે છે (ઝાંખા પાડી દે છે) અને રાત્રિને વિષે રહેલ શીતળ ચંદ્ર કે દિવસે ઉદયમાન થયેલ સેંકડો કિરણ ફેલાવતા સૂર્યની મહા તેજસ્વી કાંતિ પર પણ વિજય મેળવે છે (ભામંડળની પ્રભા સૂર્ય કરતા પણ તેજસ્વી છે).

● **વિશેષાર્થ / પરમાર્થ :** સ્વર્ગમાં વસતા દેવો તીર્થંકર પ્રભુ આદિનાથ પ્રત્યેનો પોતાનો અહોભાવ અનેક પ્રકારના અતિશયોની રચના દ્વારા વ્યક્ત કરે છે : સમવસરણ, અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, ત્રણ છત્રો, દિવ્ય પુષ્પવૃષ્ટિ આદિ અતિશયો વિષે આપણે આગળના શ્લોકોમાં જોઈ ગયા. હવે પ્રભુની કાન્તિ કેવી અનન્ય છે તે માનતુંગાચાર્ય આપણને આ શ્લોકમાં પ્રભુજીના વિશિષ્ટ અતિશય ભામંડળ (અથવા પ્રભામંડળ) દ્વારા જણાવે છે.

વિશ્વના ફલક પર જોઈએ તો કેટલાક મહાપુરુષો અને અવતારી પુરુષોના મુખમંડળને ચિત્રમાં જ્યોતિવલયથી અલંકૃત કરવામાં આવ્યા છે. આપણા દેશમાં તો પ્રાયે બધા સુવિખ્યાત ધર્મ ગુરુઓ અને અવતારી પુરુષોના મુખમંડળને ચિત્રમાં જ્યોતિવલયથી વિભૂષિત કરવામાં આવે છે. આજકાલ ચિત્રકળા અને કમ્પ્યૂટરના વિકાસયુગમાં આ જ્યોતિર્મય રેખાનો પ્રચૂર માત્રામાં પ્રયોગ થયો છે. જૈન પરિભાષામાં આ જ્યોતિર્મય વલયને ભામંડળ કે દ્યુતિમંડળ કહે છે. સામાન્ય રીતે વ્યક્તિના ગુણાનુરૂપ ભામંડળની રચના થાય છે. ઈન્દ્ર આદિ અન્ય દેવોના ભામંડળ તીર્થંકરના ભામંડળની સાથે તુલનામાં ન આવી શકે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી મુખમંડળની ચારે બાજુ એક અદ્‌ભુત વીજ-ચુંબકીય આભામંડળ (ઑરા, aura) હોય છે અને આ આભામંડળ વ્યક્તિ વિશેષની સાધના અને શક્તિ સાથે સંબંધ રાખે છે. સામાન્ય ઑરા પ્રસ્ફુરિત થઈને દૃશ્યમાન થતી નથી, પરંતુ અનંત શક્તિના ધારક તીર્થંકર પરમાત્માના

મુખમંડળની ઑરા પ્રગટ ભામંડળનું રૂપ ધારણ કરે છે. 'ભા' એટલે પ્રકાશ, આભા, પ્રભા, શોભા અને તેનાથી જે વર્તુળાકાર બને છે તે ભામંડળ, પ્રભામંડળ, આભામંડળ.

ભગવાનના મહિમામંડન માટેના પ્રાતિહાર્યોમાં ભામંડળનું વિશિષ્ટ સ્થાન છે કેમ કે તે વિશ્વવ્યાપી ઉપકરણ છે. અહીં ભામંડળનો ઉલ્લેખ માત્ર નથી પરંતુ તેના વિશેષ પ્રભાવનું પણ વર્ણન કર્યું છે. ભામંડળના માધ્યમથી ચેતનાવાળી જીવરાશિ પ્રભુથી કેવી રીતે પ્રભાવિત થાય છે તે દર્શાવેલ છે. જીવ ચેતન તો છે જ પરંતુ દરેક જીવ 'સચેતન' નથી. ચેતન શબ્દ તમામ જીવરાશિનો બોધ કરે છે, પરંતુ જ્યારે વિશેષ પ્રકારની ચૈતન્ય અવસ્થા પ્રગટ થાય એટલે કે સ્વકલ્યાણરૂપ દર્શન - જ્ઞાન ધારણ કરવાની યોગ્યતા આવી હોય ત્યારે તે સ-ચેતન (સમ્યક્ ચેતન) બને છે. એકેન્દ્રિય (પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરે), વિકલેન્દ્રિય (૨-૩-૪ ઇન્દ્રિયોવાળા) અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો ઉપદેશ (અને બોધના પરિણમન)ને પાત્ર નથી. પરંતુ જે જીવ સંજ્ઞી પંચેન્દ્રિય બનીને બૌદ્ધિક તથા આત્મિક વિકાસની ભૂમિકા પર પહોંચે છે ત્યારે તે સચેતન બને છે. ચેતન તો હતો જ પરંતુ કાળક્રમમાં અકામ-સકામ નિર્જરાના બળથી યોગ્ય ભૂમિકા પર પહોંચતા ચૈતન્ય જાગૃત થવાથી સચેતન બને છે. તાત્પર્ય કે પૂર્વભૂમિકા તૈયાર થતા એમાં વીતરાગ પ્રભુના વચનામૃતરૂપી બીજ પડે છે ત્યારે તે વિશુદ્ધ થઈને ઊર્ધ્વગામી બને છે. આ શ્લોક ભામંડળના સ્વરૂપને ગૌણ કરી તેના દ્વારા પ્રાપ્ત કાર્યને પ્રગટ કરે છે. આ તેનું આધ્યાત્મિક રહસ્ય છે.

તીર્થંકર ભગવંત કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થ પ્રવર્તાવે ત્યારથી તેઓ સિદ્ધ થાય ત્યાં સુધી તેમના મસ્તક પાછળ એક અદ્‌ભુત તેજનું વર્તુળ રચાય છે તેને 'ભામંડળ' (કે પ્રભામંડળ) કહે છે. તે રાત-દિવસ નિરંતર પ્રકાશે છે. આ ભામંડળનો એવો પ્રભાવ હોય છે કે જે કોઈ ભવ્ય જીવ તેના દર્શન કરી શકે તેને મર્યાદિત જાતિસ્મરણજ્ઞાન થાય, પૂર્વના સાત ભવ જાણે-દેખે, પ્રભુની દેશના સાંભળી વૈરાગ્યવાસિત બને અને સંયમમાર્ગને અંગીકાર કરી મુક્તિમાર્ગનો યાત્રી બની અંતે નિર્વાણપદને પ્રાપ્ત કરે. તાત્પર્ય કે જે કોઈ હળુકર્મી અને નિકટભવી જીવ હોય તે જ આ ભામંડળના દર્શન કરી શકે. સમોસરણમાં ગયેલા બધા ભવ્ય જીવો તેના દર્શન કરી શકતા નથી. ભામંડળ પ્રભુના અત્યંત શુદ્ધ અને પવિત્ર થયેલ આત્માના પ્રભાવથી રચાયેલું હોય છે, અને તેના તેજકિરણો પર કેટલાક અદ્‌ભુત પ્રકારના રત્નો દેવોએ ભામંડળની શોભા વધારવા જડ્યાં હોય છે. એટલે અંશે દેવો ભામંડળની રચનામાં નિમિત્ત બને છે. તેથી આ અતિશયને દેવકૃત ગણ્યો છે.

પ્રભુના આત્માનું તેજ કેવું ભવ્ય છે તે હવે કહે છે. ત્રણે જગતના તેજસ્વીમાં તેજસ્વી પદાર્થના સમૂહને (હીરા-મોતી, દેવોના મુગટ, સૂર્ય-ચંદ્ર વગેરે) પણ ઝાંખુ પાડે તેવું તેજ પ્રભુના ભામંડળથી મંડિત મુખનું છે.

ભામંડળની બીજી વિશેષતા એ છે કે અસંખ્ય સૂર્યોના તેજ કરતા પણ અતિ તેજસ્વી હોવા છતાં આ ભામંડળ પૂર્ણિમાની ચાંદની કરતા ય વધુ શીતળ હોય છે. તેથી સૂર્યના તેજની સાથે રહેલી ગરમી અને ચંદ્રની ચાંદની સાથે રહેલી સૂર્યોદય સમયની જે ઝાંખપ તે બંને અશાતા ઉપજાવનારા ગૌરવહીન તત્ત્વો આ ભામંડળમાં હોતા નથી. તેથી પ્રચંડ તેજની સાથે અતિશય શીતળતા જેવા પરસ્પર વિરોધી ગુણો સમાનતાથી એક સાથે પ્રભુના આશ્રયે રહી શકે છે. આ વિશેષતાને જ પ્રભુના અતિશયો કહેવામાં આવે છે, જે માત્ર તીર્થંકર ભગવંતોને જ હોય છે.

આ ભામંડળ કોઈ ધાતુનું બનેલ નથી પણ પૌદ્‌ગલિક (તૈજસ અને ઔદારિક) શરીરમાંથી નિર્મિત છે. પુણ્યવંત દિવ્ય પુરુષોની મુખમુદ્રાની આસપાસ પ્રકાશનું તેજ(કુંડાળું) હોય છે. તેઓ જ્યાં જાય ત્યાં જ્ઞાન અને શાંતિના અજવાળા પથરાઈ

જાય. તેમ સર્વજ્ઞતા સાથે દિવ્ય પુણ્યાતિશયવાળા તીર્થંકર ભગવાનની મુદ્રા ફરતું દિવ્ય તેજની પ્રભાવાળું માંડલું (ભા-મંડળ) મસ્તકની પાછળ ગોળાકારમાં હોય છે. તીર્થંકરનું ભામંડળ તેમના પરમ ઔદારિક દેહમાંથી નીકળતા તેજ કિરણોનું વર્તુળાકાર મંડળ છે. કેટલાક તેને 'ભગવાનનો હેલો' પણ કહે છે.

ભગવાનને પોતાને તો કોઈ રોગ કે શસ્ત્રાદિનો ઉપદ્રવ હોય નહીં. ભગવાનની હાજરીમાં સમવસરણમાં રહેલા બીજા જીવોને પણ શસ્ત્ર-રોગ વગેરેનો કોઈ ઉપદ્રવ ન થાય, અને હોય તો પણ પ્રભુની સમીપમાં (સમવસરણમાં) આવતા જ તે દૂર થઈ જાય. પ્રભો ! આપના દિવ્ય દર્શન કરીને અમારી અજ્ઞાન-અંધતા દૂર થઈ ગઈ ને જ્ઞાનચક્ષુ ઉઘડી ગયા.

પ્રભુનો આત્મા તો પૂર્ણ વીતરાગ, સર્વજ્ઞ છે. તેમના દિવ્ય જ્ઞાનતેજમાં તો ત્રણ લોક - ત્રણ કાળ ઝળકે, અને પ્રભુનો દેહ પણ એવો તેજસ્વી-પ્રભાવાળો કે તેમાં જોનારને પોતાના આગલા સાત ભવ દેખાય. અરે, પ્રભુને ઓળખતા કે તેમના 'જ્ઞાનદર્પણ'માં જોતા, પોતાનો મોક્ષ પણ તેમાં દેખાય છે. પ્રભો ! આપની વીતરાગી મુદ્રા પાસેનું ભામંડળ, તે ખરેખર તો અમારા મોક્ષને જોવાનું મંગલ-દર્પણ છે. આપના જ્ઞાનમાં અમારા મોક્ષનું પ્રતિબિંબ દેખાય છે અને આપના શુદ્ધાત્માને દેખતા (જાણતા) અમારો શુદ્ધાત્મા દેખાય (અનુભવાય) છે. આ રીતે ભામંડળના મહિમા દ્વારા ધર્મી જીવો પોતાની મોક્ષભાવનાને ઘૂંટે છે. ભગવાનના ગુણ-સ્તવન દ્વારા પોતાના શુદ્ધ સ્વભાવની ભાવના કરે છે.

ટૂંકમાં ભગવાનના અતિશય ભામંડળની વિશેષતાઓ આ પ્રમાણે કહી શકાય : (૧) નિકટભવી જીવોને જાતિસ્મરણજ્ઞાન થાય, (૨) સચેતન જીવો ઊર્ધ્વગામી બને, (૩) દેવકૃત અલૌકિક અતિશય, (૪) સિંહાસન, ચામર આદિ અન્ય અતિશયો કરતા આ અતિશય ચમત્કારી અને ક્રિયાશીલ છે, (૫) તીર્થંકર પ્રભુના મહિમાનું મંડન વધુ અસરકારક રીતે થાય છે, (૬) તેજવર્તુળના 'જ્ઞાનદર્પણ'માં ભવ્યજીવો મોક્ષભાવનાને ઘૂંટે છે, (૭) સાધક જીવો પોતાના શુદ્ધ સ્વભાવની ભાવના ભાવે છે, (૮) અસંખ્ય સૂર્યો કરતા તેજસ્વી, પણ આતાપ વિના, (૯) ચંદ્રની ચાંદની કરતા વધુ સૌમ્ય અને શીતળ, પણ ઝાંખપ કે કલંક વિના, (૧૦) સામાન્ય જનસમૂહ પ્રભુને અવતારી માને અને (૧૧) કૈવલ્ય પ્રાગટ્યથી નિર્વાણ સુધી દિવસ-રાત સાથે રહે.

અંતમાં સૌ (ભવ્ય) જીવો પ્રભુની ઑરા-જ્ઞાન દર્પણમાં પોતાનો મોક્ષ ઘૂંટીને શીઘ્ર શાશ્વત સુખ પામે તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

## રાજપ્રભુને વંદન હો...

**- છીતુભાઈ ગો. ભક્ત (વિદ્યાનગર)**

વંદન હો, વંદન હો, રાજગુરુને કોટિ કોટિ વંદન હો,
સમદૃષ્ટિ ને સમતાભાવના, કૃપાળુદેવને વંદન હો.
તૃષ્ણા, આળસ શત્રુ સમ, સારગ્રાહીને વંદન હો,
દુઃખના મૂળમાં છે રાગદ્વેષ, વૈરાગીને વંદન હો.
ક્રોધને કરો ભસ્મિભૂત, સત્પુરુષને વંદન હો,
મોહ ને અભિમાન રહિત, શતાવધાનીને વંદન હો.
કરુણાભાવ છે ધર્મનું મૂળ, તત્ત્વજ્ઞાનીને વંદન હો,
સત્ય, ત્યાગ ને શાન્તિના, દેવદૂતને વંદન હો.
અપરિગ્રહને સંતોષભાવના, પ્રેરણાદાતાને વંદન હો,
ભક્તિ કરીએ તો ભાવથી, સદ્‌ગુરુને વંદન હો.
ક્ષમા વીરસ્ય ભૂષણમ્, ક્ષમાવીરને વંદન હો,
આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું, જ્ઞાનીને વંદન હો.
વંદન હો, વંદન હો, રાજપ્રભુને અગણિત વંદન હો.

# આત્માની ત્રિપદી-ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ (૧૭)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક એવી ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ છે કે જેથી આત્મા ક્રમ તેમજ અક્રમ વૃત્તિરૂપે વર્તે છે. ઉત્પાદ-વ્યય તે ક્રમવર્તીપણું સૂચવે છે. ને ધ્રુવતા તે અક્રમવર્તીપણું સૂચવે છે. આ રીતે ક્રમવર્તીપણું તેમજ અક્રમવર્તીપણું એ બંને આત્માનો સ્વભાવ જ છે.

આત્મામાં અનંત શક્તિ છે. બધી શક્તિઓ અક્રમે એક સાથે આત્મામાં રહેલી છે. અનંત-શક્તિરૂપ આત્મ-સ્વભાવને લક્ષમાં કે પ્રતીતમાં લઈ શકે એ તો સ્વસન્મુખ જ્ઞાનનું જ કામ છે તે જ્ઞાનમાં જ આત્મસ્વભાવને લક્ષગત કરવાની ને અનુભવમાં લેવાની તાકાત છે. આત્મા પોતાની ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ વડે જ ક્રમ - અક્રમરૂપે વર્તે છે. આત્મામાં ક્રમે પ્રવર્તતી પર્યાયોને ન માને તો તેણે આત્માને જાણ્યો નથી. અને અક્રમે રહેલા ગુણોને ન માને તો તેણે પણ આત્માને જાણ્યો નથી.

આત્માની એકેક શક્તિ અનંતગુણોમાં વ્યાપક છે. એકેક શક્તિ અનંત ગુણોમાં નિમિત્ત છે. એકેક શક્તિ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં ત્રણેમાં વ્યાપે છે. એકેક શક્તિ ધ્રુવ ઉપાદાન છે અને તેની પર્યાય ક્ષણિક ઉપાદાન છે. એકેક શક્તિમાં વ્યવહારનો ને નિમિત્તનો અભાવ છે. પ્રત્યેક ગુણમાં જે સમયે જે પર્યાય થવાનો કાળ છે તે ત્યાં ઉત્પન્ન થાય છે. પ્રત્યેક સમયે પૂર્વ પર્યાયનો વ્યય થઈ ક્રમવર્તી નવી પર્યાયનો ઉત્પાદ થાય એવો આ શક્તિનો સ્વભાવ છે. દરેક શક્તિમાં ક્રમ-અક્રમવર્તીપણારૂપ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વનું રૂપ છે. જ્ઞાનની પર્યાયનો જે સમયે નિર્મળપણે ક્રમવર્તી ઉત્પાદ થાય છે તે જ્ઞાનગુણનો ક્રમ-અક્રમવર્તીપણાનો સ્વભાવ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ તેમાં નિમિત્ત છે. એકેક શક્તિમાં જ્ઞાન-દર્શન, ચારિત્ર, વીર્ય, પ્રભુતા ઈત્યાદિમાં - ઉત્પાદ - વ્યયરૂપે જે પર્યાયો સમયે સમયે થાય છે તે પરની અપેક્ષા વિના પોતાના ષટ્કારકથી થાય છે. આત્મજ્ઞાનમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કે કેવળજ્ઞાનની પર્યાયનો જે ક્રમવર્તી ઉત્પાદ થાય છે તે આ શક્તિના કારણે થાય છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ એ વસ્તુનો - આત્મદ્રવ્યનો સ્વભાવ છે. આત્માની એકેક પર્યાયમાં સહજ સ્વતંત્ર ઉત્પાદ-વ્યય-સમયે સમયે થાય છે. પોતાના ક્રમે પ્રગટ થયેલી પર્યાય પોતે જ તેના ઉત્પાદનું વાસ્તવિક કારણ છે. વર્તમાન એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયનું વાસ્તવિક કારણ નથી.

આત્મા ત્રિકાળ ધ્રુવ છે. તેની એકેક શક્તિ પણ ધ્રુવ છે. તે શક્તિ અને દ્રવ્યના ભેદનું લક્ષ છોડી અભેદની દૃષ્ટિ કરવાથી એટલે કે ધ્રુવની સન્મુખ થઈ પરિણમવાથી નિર્મળ પર્યાયનો સહજ પોતાના કારણે ઉત્પાદ થાય છે ત્યારે પૂર્વ પર્યાયનો વ્યય પણ પોતાથી સ્વતંત્ર થાય છે. ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને એક સાથે ઉપાદાનમાં વર્તે છે.

સુખને ક્યાં શોધવું ?... આત્મામાં.

કઈ રીતે શોધવું ? - આત્માની સન્મુખ થઈને. સત્ છે તે ઉત્પાદ - વ્યય- ધ્રુવ સ્વરૂપ છે તેમાં ઉત્પાદ-વ્યય કે ક્રમિપર્યાયમાં છે ને ધ્રુવપણે ગુણો રહેલા છે. આત્મસ્વભાવની અનુભૂતિમાં તેના સર્વે ગુણોના નિર્મળકાર્યની પ્રતીતિ ભેગી સમાઈ જાય છે.

આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ ત્રિકાળ છે. તેનું કાર્ય ગુણોને અક્રમરૂપ રાખવા ને પર્યાયોને ક્રમરૂપ પ્રવર્તાવવી. ત્રણેકાળે વસ્તુમાં આવું અક્રમને ક્રમવર્તીપણું છે. ઉપરોક્ત શક્તિને પ્રભુના મુખેથી નીકળેલી ત્રિપદી કહે છે. દ્વાદશાંગીનું મૂળ ત્રિપદી છે.

**(ક્રમશઃ)**

• • •

# અક્ષયપદ આપે અક્ષયતૃતીયા

પારૂલબેન બી. ગાંધી

વૈશાખ સુદ-૩ એટલે અક્ષયતૃતીયાનો અનુપમ દિવસ. વણમાંગ્યું મુર્હૂત. જૈનો માટે જ નહિ, પણ અન્ય જ્ઞાતિઓ માટે પણ અખાત્રીજનો દિવસ ઘણું મહત્ત્વ ધરાવે છે. લગ્ન, સગાઈ, ઉદ્‌ઘાટન, ભૂમિપૂજન વગેરે ઘણી બાબતો આ દિવસે કરવામાં આવે છે.

જૈનો માટે આ પર્વ વિશેષ મહત્ત્વનું છે કારણ આ દિવસ વર્ષીતપના પારણાનો દિવસ છે. આમ તો જૈનોના ઘણા પર્વો છે. જેમ કે આયંબિલની ઓળી, દિવાળી એટલે કે મહાવીરસ્વામી નિર્વાણદિન, પર્યુષણપર્વ, જ્ઞાનપંચમી વગેરે. પરંતુ વરસીતપનું મહત્ત્વ કાંઈક ઓર જ છે. આગળ જે પર્વો બતાવ્યા તેનામાં તપ-દાન-ધર્મક્રિયાઓ વગેરે કરવાના હોય છે પરંતુ તે માત્ર તે તે દિવસો પૂરતા, એટલે કે પર્યુષણ પર્વના આઠ દિન, દિવાળી વગેરેમાં ત્રણ દિવસ, ઓળીમાં નવ દિવસ, જ્ઞાનપંચમીના દિવસે-એમ માત્ર તે દિવસો પૂરતા અનુષ્ઠાન કરવાના હોય છે. પરંતુ વરસીતપ એક જ એવું તપ છે કે જેમાં સળંગ તેર-તેર મહિના સુધી તપ કરવાનું છે. ચાતુર્માસમાં ધર્મ કરનારા ઘણા હોય છે પરંતુ તેર-તેર મહિના સુધી તપ કરવાનું એ ખરેખર કઠિન છે. ચાતુર્માસમાં તો સંત-સતીજીનો યોગ પણ મળે પરંતુ શેષકાળમાં સંત-સતીજી હોય કે ન હોય તેવા વખતે પણ મનના ભાવોને સ્થિર રાખવા તનને તપાવી - કાયાને કલેશ આપી તપધર્મનું આચરણ કરનારા આત્માઓ ખરેખર વંદનીય છે.

સામાન્ય રીતે ફાગણ વદ આઠમના દિવસે આ વ્રતનો આરંભ કરવામાં આવે છે. વરસીતપ પાછળની કહાની જોઈએ તો –

ઋષભદેવ ભગવાનના સમય સુધી યુગલિક ધર્મ હોવાથી આહાર, વસ્ત્ર વગેરે બધું ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો પાસેથી પ્રાપ્ત થતું. આમેય ત્રણ આરા સુધી કલ્પવૃક્ષ જ હોય છે. ધીમે ધીરે આરો પૂરો થતાં કલ્પવૃક્ષની શક્તિઓ ઓછી થવા માંડી. લોકો આહાર વિગેરે મેળવવા લડાઈ કરવા લાગ્યા. ઝઘડા થવાથી ફરિયાદ લઈ નાભિરાજા પાસે ગયા. ઋષભદેવને નાભિ કુલકરે રાજા તરીકે નીમ્યા. આથી અસિ-મસિ અને કૃષિની શરૂઆત થઈ. રાજયવ્યવસ્થાનો પ્રારંભ થયો. આહાર માટે ખેતી વગેરે કરવા લાગ્યા. ઋષભદેવે ભરત અને બાહુબલિને પુરુષોની ૭૨ કળા શીખવી જ્યારે બ્રાહ્મી અને સુંદરીને સ્ત્રીઓની ૬૪ કળા શીખવી.

પહેલા તીર્થંકરના સમયના લોકો જડ હોય છે. ખેતી શીખવી ત્યારે બળદોને ખેતર ખેડાવવા જતાં ત્યાં બળદો ધાન્ય ખાઈ જતાં. આથી ભગવાને કહ્યું કે, ખેતરમાં ખેડતી વખતે તેના મોઢે દોરી બાંધી દેવી, જેથી બળદો ધાન્ય ખાઈ ન જાય. લોકો સાવ જડ બુદ્ધિના. આથી તેમણે ખેતરમાં કામ કરાવતી વખતે દોરી બાંધી દીધી. પરંતુ કામ પૂરું થઈ ગયા પછી પણ જ્યારે ખોરાક આપવા નીરણ નીર્યું ત્યારે તેના મોઢા આડે બાંધેલી દોરી છોડી નહિ. બેઠા બેઠા રાહ જોતા રહ્યા કે બળદો ખાય કાં નહિ ? આમ, ૧૩ કલાક જેટલો સમય વીતી ગયો. બળદોએ ન ખાધું એટલે ફરી ઋષભદેવને પૂછવા લાગ્યા કે આ બળદો ખાતા નથી. ત્યારે ભગવાને કહ્યું કે દોરી જ્યારે ખેતરમાં ખેડતા હોય ત્યારે જ બાંધવાની, પછી કાઢી નાખવાની. દોરી આડી હોય તો તેઓ કેવી રીતે ખાઈ શકે ?

૧૩ કલાક આ બળદો ભૂખ્યા રહ્યા. સામે જ નીરણ પડ્યું હોવા છતાં ખાઈ ન શક્યા અને ભૂખ્યા-

તરસ્યા નિસાસા નાખ્યા. આ કર્મ પ્રભુને જે બંધાયું તે દીક્ષા લીધા પછી ઉદયમાં આવ્યું. દીક્ષા લીધા પછી ભગવાને તુરત જ મૌનના પચ્ચક્ખાણ કર્યાં. તે વખતે લોકો જાણતા નહિ કે સાધુ કેવા હોય ? તેમને કેવી ભિક્ષા અપાય ? ભિક્ષા ક્યારે અને કઈ રીતે અપાય ? સાધુના નિયમો કેવા હોય ? પ્રભુએ દીક્ષા લઈ મૌન ધારણ કર્યું હતું. આથી તેઓ કાંઈ બોલતા નહિ. તેમની સાથે અન્ય દીક્ષિત થયેલા લોકો ભિક્ષા ન મળવાથી ક્ષુધા-તૃષાથી પીડિત થઈ, ઘરે પાછા જવાનું અયોગ્ય ગણી તાપસ બની વનમાં રહેવા લાગ્યા. ત્યારથી વિવિધ પ્રકારના તાપસોની પરંપરા શરૂ થઈ. મુનિ (ભગવાન) આહાર માટે નીકળ્યા. ભાવિક ભક્તો ભાવવિભોર બની ભગવાનને વસ્ત્રો, અલંકારો, રૂપવંતી કન્યાઓ, હાથી, ઘોડા વગેરેનો સ્વીકાર કરવા પ્રાર્થના કરતા. પ્રભુ તે ગ્રહણ ન કરતાં અને પાછા વળી જતાં. પ્રભુ શા માટે પાછા જાય છે તે લોકો સમજી શકતા ન હતા.

આવી રીતે ભગવાન એક વર્ષથી પણ વધુ સમય નિરાહારીપણે વિચર્યા. એક વખતે ઋષભદેવના પ્રપૌત્ર શ્રેયાંસકુમારે સ્વપ્ન જોયું કે શ્યામ થઈ ગયેલા મેરુપર્વતને દૂધથી અભિષેક કરી પોતે ઉજ્જવળ કર્યો.

તે જ રાત્રે શ્રેયાંસકુમારના પિતા સોમપ્રભે સ્વપ્ન જોયું કે શત્રુથી ઘેરાયેલા કોઈએ શ્રેયાંસકુમારની સહાયથી વિજય મેળવ્યો. અને તે જ રાત્રે તે નગરના સુબુદ્ધિ નામના શ્રેષ્ઠીએ સ્વપ્ન જોયું કે સૂર્યના હજાર કિરણો સૂર્યથી ચલિત થતાં હતાં તેને શ્રેયાંસકુમારે પુનઃ સૂર્યમાં સ્થાપિત કર્યાં.

પ્રાતઃકાળે તેઓ ત્રણેય ભેગા થયા. સ્વપ્નની વાત કહી પણ અર્થ ન સમજાયો. તે જ વખતે ભગવાન (મુનિ) ગૌચરી અર્થે શ્રેયાંસકુમારના મહેલમાં પધાર્યા. પ્રભુના દર્શનથી શ્રેયાંસકુમારને પૂર્વભવની સ્મૃતિ થઈ. ''પ્રભુ આ ભવથી ત્રીજા ભવે ચક્રવર્તી હતાં ત્યારે હું તેમનો સારથિ હતો. તેમની સાથે મેં પણ દીક્ષા લઈ સંયમનું પાલન કર્યું હતું.'' આ પૂર્વભવસ્મૃતિથી તેમને સાધુના નિયમો-આહાર વગેરે કેવા કલ્પે અને કેવી રીતે કલ્પે તેનું જ્ઞાન થયું. તેણે વિચાર્યું કે લાવ, શુદ્ધ આહારથી પ્રભુને પારણું કરાવું. તે જ સમયે ભેટમાં આવેલા તાજા શેરડીના રસના કળશો લઈ, શ્રેયાંસકુમારે કરપાત્રી પ્રભુના હાથમાં રસ વહોરાવ્યો. ૧૦૮ ઘડા રસ વહોરાવ્યો તેમાંથી એક ટીપું પણ નીચે જમીન પર પડ્યું નહિ. ત્યારથી સુપાત્રદાનની શરૂઆત થઈ. દાન અખંડ રીતે અપાયું તેથી તે દિવસ 'અક્ષયતૃતીયા'ના નામે ઓળખાયો. આજ સુધી તે પર્વ તરીકે પ્રવર્તે છે. ભગવાને ૧૩-૧૩ માસ બાદ પારણું કર્યું. આકાશમાંથી પંચદિવ્યની વૃષ્ટિ થઈ. શ્રેયાંસકુમાર પ્રથમ સુપાત્રદાન દેનાર બન્યા. લોકોને સુપાત્રદાનનું મહત્ત્વ સમજાયું. દાનધર્મને કોઈ જાણતું પણ નહોતું તેવા સમયે દાનધર્મનું મહત્ત્વ સમજાયું.

આ રીતે જોઈએ તો જગતના આ ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ, પ્રથમ ધર્મચક્રવર્તી પ્રથમ તપ મહાન એવો વરસીતપ, પ્રથમ પારણું, પ્રથમ સુપાત્રદાન, પ્રથમ કેવળી આમ આવી સુંદર બાબતો આ દિવસે થઈ અને આ દિવસ પર્વ બની ગયો.

આજના આ પર્વના દિવસે દાનની દિશા અને દશા બંનેને જોવાની ચતુર્વિધ સંઘની ફરજ થઈ પડી છે. ઉપાશ્રયો, મંદિરો અને સખાવતોમાં દાન આપનારા મહાનુભાવો જ્ઞાનદાનમાં, તેની અનુમોદના કરવામાં, તેનું સંરક્ષણ કરવામાં પાછા પડી રહ્યા છે. હજારો પુસ્તકોના ભંડારોમાં હસ્તપ્રતો ધૂળ ખાય છે અથવા કબાટની શોભા વધારે છે. ચતુર્વિધ સંઘના દરેકે દરેક સભ્યની એ જવાબદારી બની જાય છે કે દાનના પ્રવાહને જ્ઞાનસંરક્ષણ, જ્ઞાનસંમાર્જનની દિશામાં વાળવો. જે જ્ઞાનથી જ આપણી સંસ્કૃતિ ટકી રહી છે તે જ્ઞાન જ જો વિનાશ પામશે તો સંસ્કૃતિ કેવી રીતે જીવંત રહી શકશે ? ચાલો, આ પર્વના દિવસે સહુ સાથે મળી દાનના પ્રવાહને યોગ્ય દિશામાં વાળવા પ્રયત્ન કરીએ. જૈન ધર્મની જ્યોતિને ચારે દિશામાં પ્રજ્વલિત કરીએ. ■ ■ ■

# નમસ્કાર હો નમસ્કાર

**પૂર્ણિમાબેન શાહ**

શ્રી વવાણિયાના વીર બાળકને હોજો અમારા નમસ્કાર.૧
ધન્ય તે નગરી-માત-તાતને હોજો અમારા નમસ્કાર. ૨
સાત વર્ષના જ્ઞાનવૃદ્ધને હોજો અમારા નમસ્કાર. ૩
શીઘ્રકવિ શ્રી રાયચંદ્રજીને હોજો અમારા નમસ્કાર. ૪
કવિરાજ શ્રી રાજચંદ્રને હોજો અમારા નમસ્કાર. ૫
શતાવધાની અને હિંદના હીરાને હોજો અમારા નમસ્કાર.૬
સાક્ષાત્ સરસ્વતીના અવતારને હોજો અમારા નમસ્કાર.૭
મોક્ષમાળાના રચયિતાને હોજો અમારા નમસ્કાર. ૮
ભાવનાબોધના બોધદાતાને હોજો અમારા નમસ્કાર. ૯
મોક્ષમાર્ગના રાહબરને હોજો અમારા નમસ્કાર. ૧૦
તાપાગ્નિને શાંત કરતા અમૃતસાગરને હોજો અમારા નમસ્કાર.૧૧
મુમુક્ષુજનના કલ્પવૃક્ષને હોજો અમારા નમસ્કાર. ૧૨
મહાવીરના આજ્ઞાપાલકને હોજો અમારા નમસ્કાર.૧૩
કુળયોગી શ્રી રાજજીને હોજો અમારા નમસ્કાર. ૧૪
નિષ્કારણ કરુણાશીલ પ્રભુને હોજો અમારા નમસ્કાર. ૧૫
ખારા સંસારની વીરડીને હોજો અમારા નમસ્કાર. ૧૬
આતમદેવના અહાલેકીને હોજો અમારા નમસ્કાર. ૧૭
વિપરીતકાળમાં એકાકીને હોજો અમારા નમસ્કાર. ૧૮
સહસ્રમુખી પ્રતિભાસ્વામીને હોજો અમારા નમસ્કાર. ૧૯
રત્નત્રયીના વ્યાપારીને હોજો અમારા નમસ્કાર. ૨૦
પરમાર્થજ્ઞાની શાંતમૂર્તિને હોજો અમારા નમસ્કાર. ૨૧
ગુણરત્નાકર ગુણમૂર્તિને હોજો અમારા નમસ્કાર. ૨૨
બ્રહ્મરસના સુભોગીને હોજો અમારા નમસ્કાર. ૨૩
મંગલમૂર્તિ મહાવ્રતીને હોજો અમારા નમસ્કાર. ૨૪
પુણ્ય-શ્લોકી પુરુષરત્નને હોજો અમારા નમસ્કાર. ૨૫
દિવ્યજ્યોતિ દિવ્યદૃષ્ટાને હોજો અમારા નમસ્કાર. ૨૬
અતિશય સંપન્ન ધીંગધણીને હોજો અમારા નમસ્કાર. ૨૭
રાજરાજેશ્વર હૃદયનાથને હોજો અમારા નમસ્કાર. ૨૮
માર્દવમૂર્તિ મનોજયીને હોજો અમારા નમસ્કાર. ૨૯
ક્ષમામૂર્તિ યોગીરાજને હોજો અમારા નમસ્કાર. ૩૦
સંસારમાં વસતા વીતરાગીને હોજો અમારા નમસ્કાર. ૩૧
મોહમયીમાં અમોહસ્વરૂપને હોજો અમારા નમસ્કાર. ૩૨
સ્વરૂપસ્થિત સુખસાગરને હોજો અમારા નમસ્કાર.૩૩
આત્મસ્થિત આત્મચંદ્રને હોજો અમારા નમસ્કાર. ૩૪
સ્વયંસંબુદ્ધ સ્વરૂપગુપ્તને હોજો અમારા નમસ્કાર. ૩૫
અનુપમ સમતામૂર્તિને હોજો અમારા નમસ્કાર. ૩૬
નિષ્કામી અંતર્યામીને હોજો અમારા નમસ્કાર. ૩૭
પરમાર્થજ્ઞાની પુરુષસિંહને હોજો અમારા નમસ્કાર. ૩૮
'શ્રી આત્મસિદ્ધિ'ના અવતારકને હોજો અમારા નમસ્કાર.૩૯
'અપૂર્વ અવસર'ના મનોરથીને હોજો અમારા નમસ્કાર.૪૦
મૂળમારગના મહારથીને હોજો અમારા નમસ્કાર. ૪૧
શ્રી 'વચનામૃત'ના પરમ દાનીને હોજો અમારા નમસ્કાર.૪૨
ઉપાધિમાં સમાધિસ્થિત રાજને હોજો અમારા નમસ્કાર.૪૩
કર્મવારક કર્મયોગીને હોજો અમારા નમસ્કાર. ૪૪
ધર્મધારક પરમ ધ્યાનીને હોજો અમારા નમસ્કાર. ૪૫
અનુપમ અલૌકિક મહાતીર્થને હોજો અમારા નમસ્કાર. ૪૬
નિર્વિકારી બ્રહ્મચારીને હોજો અમારા નમસ્કાર. ૪૭
સમર્થયોગી સત્મૂર્તિને હોજો અમારા નમસ્કાર. ૪૮
સહજાત્મસ્વરૂપ સ્વામીને હોજો અમારા નમસ્કાર. ૪૯
વિશ્વની વિરલ વિભૂતિને હોજો અમારા નમસ્કાર. ૫૦
શ્રી મહાવીરના અંતિમશિષ્યને હોજો અમારા નમસ્કાર.૫૧
શાસનના પરમ પ્રભાવકને હોજો અમારા નમસ્કાર. ૫૨

સત્યધર્મના ઉદ્ધારકને હોજો અમારા નમસ્કાર. ૫૩
સમયસારના રસિયાજોગીને હોજો અમારા નમસ્કાર. ૫૪
પરમપિતા પરમગુરુને હોજો અમારા નમસ્કાર. ૫૫
પરમપુરુષ પ્રભુ પરમજ્ઞાનીને હોજો અમારા નમસ્કાર. ૫૬
પરમાર્થજ્ઞાની અમૃતપુરુષને હોજો અમારા નમસ્કાર. ૫૭
યુગાવતારી યુગપુરુષને હોજો અમારા નમસ્કાર. ૫૮
દીનાનાથ દીનદયાળને હોજો અમારા નમસ્કાર. ૫૯
કૃતકૃત્યપ્રભુ રાજપ્રભુને હોજો અમારા નમસ્કાર. ૬૦
હૃદયેશ્વર શ્રી જગતનાથને હોજો અમારા નમસ્કાર. ૬૧
ભવરોગના સુજાણવૈદ્યને હોજો અમારા નમસ્કાર. ૬૨
અનન્યશરણના આપનારને હોજો અમારા નમસ્કાર. ૬૩
પરમકૃપાળુ પરમદેવને હોજો અમારા નમસ્કાર. ૬૪
રાજપ્રભુને પરમપ્રેમથી હોજો અમારા નમસ્કાર. ૬૫
પરમઉપશમરૂપ ચરણકમળમાં હોજો અમારા નમસ્કાર.૬૬
તીર્થોત્તમ શ્રી ગુરુરાજને હોજો અમારા નમસ્કાર. ૬૭
અડસઠ તીરથ જેના ચરણકમળમાં હોજો અમારા નમસ્કાર.૬૮
મુમુક્ષુજનોના નમસ્કાર સંતજનોના નમસ્કાર
નમસ્કાર હો નમસ્કાર હો. રાજપ્રભુને નમસ્કાર.

## પુસ્તક સમાલોચના

– મિતેશભાઈ એ. શાહ

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

[૧] પુસ્તકનું નામ : **અપૂર્વ અવસરની અપૂર્વ ભાવના**

**લેખક :** બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ • **પાના :** ૨૭૭

**મૂલ્ય :** આત્મકલ્યાણ • **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૭

**પ્રકાશક :** સહજાત્મસ્વરૂપ પરમગુરુ ટ્રસ્ટ - ફોન : (૦૭૯) ૨૬૭૬૦૭૧૮ મો. ૯૮૨૫૦૨૭૦૭૨

**પ્રાપ્તિસ્થાન :** (૧) શ્રી ધારિણીબેન, અમદાવાદ (મો) ૯૪૨૮૬૧૨૨૦૫
(૨) ડૉ. મિહિરભાઈ, ઘાટકોપર, મુંબઈ (મો) ૦૯૩૨૪૦૩૭૧૭૩
(૩) શ્રી પારસભાઈ મોદી, રાજકોટ (મો) ૯૪૨૬૯૬૮૭૩૯

પાકું બાઈન્ડિંગ, સારા કાગળનો ઉપયોગ થયેલ છે. આ પુસ્તકમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' પદ પર બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈએ તત્ત્વસભર, દૃષ્ટાંતો સહ સુંદર વિવેચન કર્યું છે. મોક્ષમાર્ગના ઈચ્છુક સાધકો માટે આ પુસ્તક પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે. તેથી આ પુસ્તક અવશ્ય વાંચવા વિનંતી છે.


[૨] પુસ્તકનું નામ : **શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી**

**લેખક - સંપાદક :** ડૉ. કુમારપાળ દેસાઈ • **પાના.** ૧૬૨


**આવૃત્તિ :** છઠ્ઠી, ફેબ્રુઆરી, ૨૦૧૭ • **મૂલ્ય :** રૂ. ૫૦/-

**પ્રકાશક :** શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહારભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઈડર)
ફોન.નં. (૦૭૯) ૨૬૬૩૧૩૯૬, ૨૨૬૦૨૪૯૩

પાકું બાઈન્ડિંગ તેમજ સારા કાગળનો ઉપયોગ કરેલ છે. આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધીજી - આ બંને વિભૂતિઓના મિલન તથા જીવનસંદેશ, શ્રીમદ્જીએ ગાંધીજી પર લખેલા પત્રો, મહાત્મા ગાંધીજીના શ્રીમદ્જી પ્રત્યેના ભાવોદ્ગારો, મહાત્મા ગાંધીજીના વ્યાખ્યાનો, શ્રીમદ્જીની જીવનરેખા અને સંદેશ વગેરે બાબતોનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે.



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## કરેગા સો ભરેગા

એક હતો બાવો.

ભિક્ષા માંગીને ગુજરાન ચલાવે.

જે કોઈ એની પાસે આવે તેને સન્માર્ગે ચઢાવે. ધર્મસંસ્કારોનું સિંચન કરે. આમ આ બાવો મફતિયું ખાનારો ન હતો. પણ થોડુંક લઈ અનેકગણું સમાજને આપનારો હતો. સંસ્કારોના દાનથી અધિક દાન બીજું કયું ?

આ બાવો જ્યારે ભિક્ષા લેવા જાય ત્યારે ઘરના દરવાજે બોલે, ‘કરેગા સો ભરેગા.’ બાવાજીના આ નાનકડા વાક્યમાં મહાન જ્ઞાન છુપાયેલું હતું. બાવાજી પાસે જ્યારે આ વાક્યનું રહસ્ય સમજવા કોઈ જતું ત્યારે તેઓ કહેતા કે આ જગતનો નિયમ છે કે જે આપો તે જ મળે. આપેલું અનેકગણું થઈને મળ્યા વિના રહેતું નથી અને નહિ આપેલું કદી મળતું નથી. તમે બીજા પ્રત્યે જેવું વિચારશો કે કરશો તેવું જ તમને મળવાનું છે. બીજાને સુખ આપો તો સુખ તમને મળે. દુઃખ આપો તો દુઃખ મળે. શાંતિ આપો તો શાંતિ મળે. જીવન આપો તો જીવન મળે.

બાવાજીનું જ્ઞાન ખરેખર ખૂબ જ અદ્‌ભુત હતું, પણ એક બેનને બાવાજીની આ વાત જરાય ગમતી નહિ. ધર્મની સાચી વાત પણ સૌને ગમતી નથી. સૂર્યનો પ્રકાશ ઘુવડને કદી ગમતો નથી.

તે બેને મનમાં ગાંઠ વાળી કે બાવાજીને બરાબર પરચો બતાવી દેવો. ‘કરેગા સો ભરેગા’ આ વાત સાવ જૂઠી છે. જગતમાં ગુનો કોઈ કરે છે અને મરે છે કોઈ બીજા. ભૂલ ડૉક્ટર કરે છે અને મરે છે દર્દી ! અરે, બીજે ક્યાં જોવા જઈએ ? શરીરમાં જ જુઓ ને ! ખાવામાં ભૂલ કરે જીભડી અને દુઃખાવો થાય પેટને ! જોવામાં ભૂલ કરે આંખ અને કાંટો વાગે પગને ! બોલવામાં ભૂલ કરે જીભ અને તમાચો પડે ગાલને ! બાવાજીની વાત જૂઠી છે.

એક દિવસ તેણીએ ચાર ઝેરી લાડુ તૈયાર કર્યા. આવા લાડુ ભિક્ષા માટે આવેલા બાવાજીને આપી દીધા.

બેનને થયું, હાશ ! હવે કાંટો ટળ્યો. ‘કરેગા સો ભરેગા’ના બાવાજીના ઉપદેશની પોલ આજે ખૂલી જશે.

લાડુ લઈને બાવો ઝૂંપડીએ પહોંચ્યો. સાંજ પડી ગઈ હતી. બાવાજીને ખાસ ભૂખ ન હતી. આથી વિચાર્યું કે આ લાડુ આજે ખાવા નથી, કાલે ખાઈશું.

સાંજે એક યુવાન આવ્યો અને બોલ્યો કે, “બાવાજી ! મને એક રાત તમારી ઝૂંપડીમાં સૂવાની રજા આપશો ? હું હમણાં શહેરમાંથી આવું છું. આજે ગાડી મોડી પડી છે. એટલે સ્ટેશન પર કોઈ વાહન મળી શકે તેમ ન હતું. નજીકમાં તમારી ઝૂંપડી જોઈને આવ્યો છું. સવારે ગામમાં ચાલ્યો જઈશ.”

“ઘણી ખુશીથી તમે અહીં રાત ગાળી શકો છો. બોલો, કાંઈ જરૂર છે ?”

“બીજું તો કાંઈ જોઈતું નથી પણ પેટમાં કકડીને ભૂખ લાગી છે. કાંઈ ખાવાનું આપશો તો મોટી કૃપા થશે.”

"જુઓ... પેલા ખૂણામાં કમંડળની અંદર ચાર લાડવા પડ્યા છે. ખાઈ લો. મને આવો લાભ મળે ક્યાંથી ?"

ભૂખ્યો ડાંસ યુવાન ઝટપટ લાડવા પાસે પહોંચી ગયો અને ચટપટ ખાઈ ગયો. પછી તરત જ સૂઈ ગયો. સૂઈ ગયો તે સદા માટે સૂઈ ગયો.

સવાર થઈ. બાવાજીએ જગાડવા પ્રયત્ન કર્યો, પણ મરેલો માણસ ક્યાંથી જાગે ? ન જાગતાં જોયું તો ખબર પડી કે આ મૃત્યુ પામ્યો છે. આથી બાવાજી સ્તબ્ધ જ થઈ ગયા. ખબર પડતાં ગામલોકો દોડી આવ્યાં.

તપાસ કરતાં સૌને લાડવા પર વહેમ ગયો. બાવાજીને પૂછતાં ખબર પડી કે કોઈ બાઈએ ભિક્ષામાં લાડવા આપ્યા હતા.

ત્યાં જ એક બાઈ આવી અને ધ્રૂસકે-ધ્રૂસકે રડવા માંડી. લોકોએ રડવાનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે હું અભાગણી આ કથની કોને કહું ? આ યુવકને મારનાર બીજું કોઈ જ નથી, હું જ છું. મેં બાવાજીને મારવા અથવા કહો કે તેમને જૂઠા પાડવા ઝેરી લાડવા આપ્યા હતા. પણ નિર્દોષ એવા આ બાવાજીએ એ લાડવા પોતે ન ખાતાં અતિથિની ભક્તિ કરી. આ મરી જનાર યુવક બીજો કોઈ નહિ, પણ મારો જ એકનો એક લાડકવાયો પુત્ર છે. મારવા ગઈ બાવો ! પણ મરી ગયો મારો બાબો ! હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. ખરેખર 'કરેગા સો ભરેગા' આ બાવાજીના કથનમાં અગાધ સત્ય રહેલું છે."

**સાર :** આ કથા કહે છે કે કદી કોઈનું બૂરું ઇચ્છશો નહિ, બૂરું કરશો નહિ. બીજાનું બૂરું ઇચ્છનારો પોતાને ત્યાં જ બૂરાઈનું નિમંત્રણ આપે છે. બીજાનું ભૂંડું કરનારનું પોતાનું જ ભૂંડું થાય છે. 'ખાડો ખોદે તે પડે' આ પંક્તિમાં ભારોભાર સચ્ચાઈ રહેલી છે.

## અપરિગ્રહ

ગ્રીસના એક મહાન તત્ત્વચિંતક ! તેમનું નામ ડાયોજિનિસ હતું.

માત્ર તત્ત્વચિંતક તરીકેની જ તેમની નામના હતી એમ નહિ, એક અપરિગ્રહ તરીકેની પણ તેમની ખ્યાતિ સમગ્ર ગ્રીસમાં ફેલાઈ હતી.

તેમની પાસે ખાવા માટે એક ધાતુપાત્ર અને પાણી પીવા એક જળપાત્ર હતું.

કોઈ પૂછે તો એક જ વાત કહે, "આ સિવાય બીજી ચીજોની ઝંઝટ મારે શા માટે વહોરવી ?"

તેમનો આવો અપરિગ્રહ જોઈને લોકો તેમની પ્રશંસા કરવામાં કશું બાકી રાખતા નહોતા.

એક દિવસ ડાયોજિનિસ ફરતા ફરતા એક નદીકિનારે જઈ પહોંચ્યા. ત્યાં તેમણે જોયું કે, કોઈ એક નાનો છોકરો નદીમાં ખોબેથી પાણી પી રહ્યો હતો.

આ જોતાં જ ડાયોજિનિસના મનમાં એક વિચાર વીજળીની માફક ઝળકી ઊઠ્યો, "અરે, હું તે કેવો મૂઢ કે આજ સુધી એટલું પણ સમજ્યો નહિ કે પાણી તો ખોબાથી પણ પી શકાય છે ! જો પાણી ખોબેથી પી જ શકાય છે તો પછી પાણી પીવા મારે જળપાત્રની શી જરૂર ? મારો અપરિગ્રહ આવો કાચો હોવા છતાં હું મારી જાતને મોટો અપરિગ્રહી માનું છું એ કેવી મોટી મૂર્ખતા !

તેમણે તે જ ક્ષણે જળપાત્રનો નદીમાં ઘા કર્યો ! પછી તેમણે નિરાંતનો દમ ખેંચી, નદીમાંથી ખોબેથી પાણી પીવા માંડ્યું.

• • •

**જે અહમ્ જગતની વિનાશી વસ્તુઓમાં પોતાપણું અને કર્તાપણું આરોપિત કરતો હતો તે 'સ્વ'માં સમાઈને સંસારના સંવર્ધનને શૂન્યમાં પરિણમાવે છે.**

# સંસ્થા આયોજિત ઉદેપુર - રાણકપુર - આબુ - દેલવાડા જાત્રા

મહેન્દ્રભાઈ કે. ખંધાર

● **પ્રાસ્તાવિક** : કોબા આશ્રમના સંસ્થાપક અને અધિષ્ઠાતા આત્મજ્ઞ સંત પૂ. ગુરૂદેવ શ્રી આત્માનંદજીને અધ્યાત્મની લગની સાથે હંમેશા માતૃભૂમિ ભારતમાતા પ્રત્યે ખૂબ લગાવ રહ્યો છે. તેમની આત્મકથા 'હિરદે મેં પ્રભુ આપ' વાંચતા અને મીઠાખળી સદ્‌ગુરુ પ્રાસાદમાં પ્રભુભક્તો સાથે દેશભક્તોના ચિત્રપટો જોતાં આ બાબતની ખાતરી થાય છે. સાહેબજીની ઘણા વખતથી ભાવના હતી કે મહાપરાક્રમી અને રાષ્ટ્રભક્ત મહારાણા પ્રતાપની કર્મભૂમિ ઉદેપુર-ચિત્તોડગઢ જવું અને શૂરવીરોની ભૂમિ રાજસ્થાનની સ્પર્શના કરવી. જાત્રા સમિતિએ તેને કેન્દ્રમાં રાખીને ૬ દિવસની જાત્રાનું માર્ચ ૪ થી ૯, ૨૦૧૭ દરમ્યાન આયોજન કર્યું; જેમાં અન્ય તીર્થો પણ આવરી લીધા. તબિયતને લીધે સાહેબજી બે દિવસ માટે જ ઉદેપુર સુધી આવશે. લક્ઝરી કોચમાં ૧૫ સ્થળો (૧૨ તીર્થો અને ૩ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ રાષ્ટ્રીય સ્મારકો વગેરે)નો પ્લાન થયો. ૨૭ થી ૮૫ વર્ષ સુધીના (સરેરાશ ઉંમર ૬૧) ૫૫ જાત્રાળુઓ આ ધર્મયાત્રામાં જોડાયા.

**૧. બીચ્છુવાડા** : શનિવારે (માર્ચ ૪) વહેલી સવારે નીકળીને કોબાના મુમુક્ષુ ભરતભાઈ-રેણુકાબેનના રસ્તામાં આવતા તેમના વતન બીચ્છુવાડા (જૂનું નામ રતનપુર, કોબાથી ૧૩૫ કિ.મી.) ગયા. ભરતભાઈએ ઢોલ-નગારા-બેનર સાથે પૂ. સાહેબજી (અને પૂ. બહેનશ્રી) તથા જાત્રા સંઘનું ભાવભર્યું સ્વાગત કર્યું. સ્થાનિક જૈન સમાજે શોભાયાત્રા કાઢેલ. ત્યાંના કાચના સુંદર જિનમંદિરમાં મૂળનાયક શાંતિનાથ ભગવાનના દર્શન-ભક્તિ કર્યા. ભરતભાઈના કુટુંબે સાધર્મિક વાત્સલ્યપૂર્વક જાત્રા સંઘને નવકારશી કરાવી.

**૨. ઉદેપુર** : બીચ્છુવાડાથી નીકળીને ઉદેપુર ૧૨ વાગે પહોંચ્યા (૧૧૦ કિ.મી.). ત્યાં શ્વેતાંબર દાદાવાડીમાં જિનદત્તસૂરિ ધર્મશાળામાં (મેવાડ મોટર ગલી, મેનેજર સુરેશભાઈ +૯૧ ૯૮૮૭૭ ૫૭૨૦૦, +૯૧ ૨૯૪ ૨૪૮૫૮૫૧, ૨૫૬૦૯૬૭) ઉતારો હતો.

ઈ.સ. ૧૫૫૯માં ચિત્તોડગઢના પતન પછી મહારાણા ઉદયસિંહે (પ્રતાપના પિતા) મેવાડની નવી રાજધાની રૂપે અરવલ્લીની પર્વતમાળા વચ્ચે ઉદેપુર વસાવ્યું. ઉદેપુરમાં ૨૬ દિગંબર અને ૫૬ શ્વેતાંબર મંદિરો છે. ઘણા મહેલો અને સરોવરોવાળું આ આંતરરાષ્ટ્રીય ઐતિહાસિક પર્યટન સ્થળ છે.

લંચ-આરામ પછી 'પ્રતાપ ગૌરવ કેન્દ્ર' રાષ્ટ્રીય તીર્થ જોવા ગયા. લગભગ ૧૦૦ કરોડના ખર્ચે ૨૯ વીઘામાં ઘણા ડુંગરા-ટેકરીઓને આવરી લેતા આ રાષ્ટ્રીય સ્મારક (પ્રથમ તબક્કો)નું નવેમ્બર ૨૦૧૬માં લોકાર્પણ થયું. આપણા કોબા આશ્રમમાં અવાર-નવાર આવતા શ્રી નંદલાલજી (+૯૧ ૯૪૧૩૧ ૩૯૮૭૧) અને તેમના મિત્ર તથા આ કેન્દ્રના પ્રેરણા-પ્રાણ સમાન શ્રી ઓમ પ્રકાશજી(+૯૧ ૮૨૯૦૦ ૬૪૮૮૮) ત્યાં હતાં તેથી ઘણી સુવિધા રહી. મુખ્ય આકર્ષણ પ્રવેશદ્વારની સામેની ટેકરી પર અષ્ટધાતુની ૫૭' ઊંચી (બેઠેલી) અને ૪૦,૦૦૦ કિલો વજનવાળી મહારાણા પ્રતાપની ભવ્યમૂર્તિ છે. સ્મારક સંકુલમાં ભારતમાતા મંદિર, ભારતદર્શન તથા ગૌરવગાથા લાઈટ એન્ડ સાઉંડ શો, પાંચ-પાંચ મિનિટની રોબોટીક નવ દીર્ઘા (લાઈટ-સાઉન્ડ- 3 Dim. કલર શો)માં મહારાણા પ્રતાપનું જીવન (ઈ.સ. ૧૫૪૦-૧૫૯૭), હલદીઘાટ યુદ્ધ (ઈ.સ ૧૫૭૬), બાપા રાવળ,

ભામાશા, મહારાણી પદ્મિની, મીરાંબાઈ, હાડી રાણી વગેરે જીવંત લાગે તેવા સુંદર છે. આ ઉપરાંત, મેવાડના રત્નો / મહાપુરુષો, રાજસ્થાન ગૌરવ, ડોક્યુમેન્ટ્રી ફીલ્મ થીયેટર, ધ્યાનકક્ષ, પ્રતાપ જળાશય, ૯ મંદિરવાળું ભક્તિધામ વગેરે દર્શનીય છે. પૂ. સાહેબજી બધું ખૂબ ઉલ્લાસથી જોતા જોતા ભાવવિભોર થઈ ગયેલા. ફરીથી વધુ સમય લઈને અહીં આવવાની ભાવના તેમણે વ્યક્ત કરી. સાંજે ફતેહસાગર લેઈક અને લેઈક પેલેસ બાજુ ગયા.

બીજા દિવસે (રવિવાર, માર્ચ ૫) દાદાવાડી પરિસરમાં આવેલ કાચનું જિનદત્તસૂરિ ગુરુમંદિર તથા મૂળનાયક વાસુપુજ્ય ભગવાનના ભવ્ય દેરાસરમાં પ્રક્ષાલ-પૂજા-નિત્યક્રમ-ભક્તિ કર્યા. નવકારશી કરીને ચિત્તોડગઢ ગયા. પૂ. સાહેબજી કોબા પાછા ફર્યા.

**૩. ચિત્તોડગઢ :** ત્યાં ૧૧ વાગે પહોંચ્યા (૧૨૦ કિ.મી.) ભારતીય ઇતિહાસમાં ચિત્તોડનું નામ અમર છે. આ કિલ્લો સમુદ્રની સપાટીથી ૧૮૧૦' ઊંચો છે. નવમી-દસમી સદીમાં ગુજરાત અને માળવાના રાજાઓનું અહીં શાસન હતું. ઈ.સ. ૧૧૫૦માં મહારાજા કુમારપાળનું શાસન હતું. ઈ.સ. ૧૪૩૩થી મહારાણા કુંભા આવ્યા અને તે મેવાડનું પાટનગર બન્યું. કિલ્લા ઉપર બસ જઈ શકતી નહીં હોવાથી જીપોમાં ઉપર ગયા. શ્રી હેમંતભાઈ ભટ્ટ (+૯૧ ૯૪૧૪૧ ૧૦૯૩૩) ઘણા સહાયક થયા. કિલ્લા ઉપર ૧૧ મી સદીનું ભવ્ય શ્વે. જિનમંદિર છે (મૂળનાયક આદિનાથ ભગવાન) જેમાં ૨૭ દેરીઓ (કુલિકા) હોવાથી તે સ્થળ 'સત બીસ દેવરી' કહેવાય છે. ત્યાં દર્શન કરી, લંચ લઈને રાધા-કૃષ્ણ અને મીરાંબાઈના મંદિરો, પદ્મિની મહેલ, વિજયસ્તંભ, કીર્તિસ્તંભ, જૌહર સ્થળો (સતી પ્રથા તથા યુદ્ધ વખતે શીલરક્ષા અને સ્વમાન અર્થે સ્વેચ્છાએ કરાતું અગ્નિસ્નાન) વગેરે જોયા. ૧૨૨' ઊંચો અને ૯ માળનો વિજયસ્તંભ ૧૪૪૮માં મહારાણા કુંભાએ બનાવરાવ્યો; તેમાં અંદર-બહાર ભારતીય પૌરાણિક દેવ-દેવી-અવતારો તથા મહાપુરુષોની મૂર્તિઓ છે. ગૌમુખ કુંડ પાસે પાર્શ્વનાથનું પુરાણું મંદિર છે. ૭૫' ઊંચો અને ૭ માળનો કીર્તિસ્તંભ (માનસ્તંભ) ૧૨ મી સદીમાં જૈન શ્રેષ્ઠિ જીજાજીએ બંધાવેલ. તે આદિનાથનું સ્મારક છે. અર્ધી ઊંચાઈએ ચારે બાજુએ પાંચ ફૂટ ઊંચી આદિનાથની મૂર્તિઓ છે. તેની પાસે જ મહાવીર સ્વામીનું દિગંબર જૈન મંદિર છે. ત્યાં દર્શન-સ્તુતિ કર્યા. કિલ્લા પરથી ૪ વાગ્યે જીપોમાં નીચે આવીને બસમાં બિજોલીયા તરફ પ્રસ્થાન કર્યું.

**૪. બિજોલીયા :** ચોવિહારના સમયે ૬ વાગે બિજોલીયા પહોંચી ગયા (૧૧૨ કિ.મી.). તીર્થ સંપર્ક શ્રી એસ. કે. જૈન (+૯૧ ૯૪૬૮૬ ૫૩૯૯૧, + ૯૧ ૯૪૧૪૧ ૪૮૨૯૦, + ૯૧ ૧૪૮૯ ૨૯૨૧૦૧). બિજોલીયા પ્રાચીન ઐતિહાસિક નગર છે. ચોથા કાળનું પરમ પાવન આ અતિશય ક્ષેત્ર નેશનલ હાઈ-વે ૭૬ નજીક અને રેવા (રેવતી) નદીના તટ પર આવેલ છે. મહામુનિ પાર્શ્વનાથ રેવા નદીના કિનારે મહાભીમાવનમાં ધ્યાનમાં હતા ત્યારે દસ-દસ ભવના વેરી કમઠે ઘોર ઉપસર્ગ કરેલ. જે શિલા પર પાર્શ્વમુનિ બેઠા હતા તે અને કમઠે ફેંકેલી મહાકાય સમકોણ શિલાઓ હજુ મોજૂદ છે. આ ક્ષેત્ર ભગવાન પાર્શ્વનાથની તપોભૂમિ, ધરણેંદ્ર-પદ્માવતી દ્વારા કર્મઠકૃત ઉપસર્ગ નિવારણ ભૂમિ, કેવળજ્ઞાન પ્રાપ્તિસ્થળ તથા પ્રથમ સમવસરણની જગ્યા છે. વિશ્વનો સૌથી મોટો શિલાલેખ (ઈ.સ. ૧૧૭૦) અહીં રેવા નદીના કિનારે છે, જેના પર એક આખું શાસ્ત્ર (૨૯૨ શ્લોક) છે. ક્ષેત્ર પર ૯ મંદિરો અને ૨ માનસ્તંભ છે. મુખ્ય મંદિરમાં મૂળનાયક પાર્શ્વનાથ તથા તેમની બંને બાજુએ આદિનાથ અને મહાવીર સ્વામીની ભવ્ય

૧૫' ઊંચી ખડગાસનમાં કાળા પથ્થરની મૂર્તિઓ ઉપરાંત ૨૪ તીર્થંકરોની પણ ફૂલસાઈઝની ખડગાસન ભમતિમાં મૂર્તિઓ છે. ભવ્ય સમવસરણ જિનાલય છે. મૂળનાયક પાર્શ્વનાથની વેદિકાના નાના અર્ધ ભૂગર્ભ મંદિર આસપાસ ચાર ખૂણે તેવા જ નાના અન્ય તીર્થંકરોના અર્ધ ભૂગર્ભ મંદિરો છે. આ ઉપરાંત ખડગાસનમાં પાર્શ્વનાથ-૧૦ ગણધર પરમેષ્ઠિ જિનાલય મનોરમ્ય અને ભાવવાહી છે. જૈન શ્રેષ્ઠિ લોલાર્ક શેઠને સ્વપ્નમાં શાસનદેવે આદેશ આપતા ઈ.સ. ૧૧૭૦માં ભૂગર્ભમાંથી પાર્શ્વનાથની મૂર્તિ મળી આવતા આ જિનાલય અને ક્ષેત્રનું નિર્માણ થયું. અહીં ભટ્ટારક પરંપરા હતી. પૂ. આર્યિકા વિશુદ્ધમતિ માતાજી અને મુનિપુંગવ પૂ. સુધા સાગરજીના ચાતુર્માસ પછી ઈ.સ. ૨૦૦૨માં ક્ષેત્રનો વિશેષ વિકાસ થયો.

રાત્રે મુખ્ય જિનાલયમાં દેવવંદન-ભક્તિ કર્યા. બીજા દિવસે (સોમ, માર્ચ ૬) સવારે વહેલા પ્રક્ષાલ-પૂજા કરીને નવકારશી પછી ચવલેશ્વર તરફ પ્રયાણ કર્યું.

**૫. ચવલેશ્વર :** લંચ સમયે ત્યાં પહોંચી ગયા (૬૦ કિ.મી.). અરવલ્લીની પર્વતમાળાની એક ઊંચી ટેકરી (કાલીઘાટી) પર આ અતિશય ક્ષેત્ર કાછોલા ગામ પાસે આવેલ છે, (સંપર્ક : શુભમભાઈ જૈન, +૯૧ ૯૮૨૮૬ ૮૫૫૦૫, +૯૧ ૧૪૮૯ ૨૯૦૯૦૪)કે જ્યાં પાર્શ્વનાથ ભગવાનનું (બિજોલીયા પછીનું) બીજું સમવસરણ રચાયેલ. અહીં ૩ મંદિર છે. - એક ધર્મશાળામાં નીચે તથા બે કાલીઘાટી પહાડી પર. જૈન શ્રેષ્ઠિ નથમલ શાહને આવેલ સ્વપ્ન પરથી ભૂગર્ભમાં રહેલ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સાથે ક્ષેત્રની સ્થાપના ઈ.સ. ૧૨૧૬માં થઈ. ધર્મશાળાના મંદિરમાં પાર્શ્વનાથ અને ૨૪ તીર્થંકરોની તેમના મૂળ રંગ પ્રમાણે ખડગાસનમાં ભવ્ય મૂર્તિઓ છે. પહાડી ઉપરના બે મંદિરોમાં પણ ભગવાન પાર્શ્વનાથની મનોરમ્ય મૂર્તિઓ છે.

લંચ-આરામ પછી પહાડી ઉપર ગયા (૧૮૦ પગથિયા). ત્યાં દર્શન-સ્તુતિ-પૂજા કર્યા. અહીં પાર્શ્વનાથ ભગવાનની અતિ પ્રાચીન મૂર્તિ છે. સમ્મેદ શિખર પર આવેલ ભગવાન પાર્શ્વનાથની ટૂંક (પારસબાબાની સુવર્ણભદ્ર ટૂંક)ની યાદ અપાવતી આ મહિમાવંત પહાડી અને તેના પરના મંદિરોને પશ્ચિમ ભારતનું 'લઘુ સમ્મેદશિખર' કહે છે. ચવલેશ્વરથી જહાઝપુર ગયા (૩૨ કિ.મી.) અને ત્યાં ૪ વાગે પહોંચ્યા.

**૬. જહાઝપુર :** આ એક ઐતિહાસિક પૌરાણિક નગરી હતી. મૂર્તિભંજક અને વિધર્મી આતંકીઓના કારણે અનેક મૂર્તિઓ ભૂગર્ભમાં છુપાવી દીધી હતી. ઈ.સ. ૧૯૯૪ થી ૨૦૧૨ સુધીમાં ઘણી મૂર્તિઓ ભૂગર્ભમાંથી બહાર આવી.

સૌ પ્રથમ 'પ્રતાપ સ્મારક પાર્ક'માં, એક જ મોટા કાળા પથ્થરમાંથી બનાવેલ ચેતક અશ્વ પર બેઠેલા મહારાણા પ્રતાપને રાષ્ટ્રીય ભાવનાથી હારતોરા કર્યા. ત્યાંથી ૩ કિ.મી. દૂર આવેલ 'સ્વસ્તિધામ' ગયા. ત્યાં ઈ.સ. ૨૦૧૨માં શ્યામવર્ણી ભગવાન મુનિસુવ્રતનાથની મનોજ્ઞ પ્રતિમા પ્રગટ થઈ હતી. આ મૂર્તિની ઘણી વિશેષતાઓ છે અને અનેક પ્રસંગોમાં તેની ચમત્કારિતા દેખાઈ છે. તેથી તે જૈન-જૈનેતરમાં ભારતભરમાં લોકપ્રિય છે. આર્યિકા રત્ન શ્રી સ્વસ્તિભૂષણ માતાજીની પ્રેરણાથી 'સ્વસ્તિધામ તીર્થ' સંકુલનું નિર્માણ થઈ રહ્યું છે. જહાજ મંદિરનું બાંધકામ ચાલુ છે. પૂ. માતાજી સિદ્ધહસ્ત લેખિકા અને કવયિત્રી છે. પારસ TV ચેનલ પર દરરોજ તેમના સ્વાધ્યાય પ્રસારિત થાય છે. તેમણે આશીર્વચન રૂપ સ્વાધ્યાયમાં સાધના માટે પ્રેરણા આપી. અત્યંત પ્રભાવિત થયેલ કોબા જાત્રા સંઘના

એક મુમુક્ષુએ પૂ. સાહેબજી અને કોબા સંસ્થાના નામે આ ક્ષેત્રના નિર્માણમાં રૂા. ૧ લાખનું યોગદાન આપ્યું. ત્યાંથી નવી બનેલ 'આદર્શ વિદ્યામંદિર' સ્કુલમાં ગયા. ત્યાં તેઓએ ડીનર વ્યવસ્થા કરેલ. શ્રી વેદ પ્રકાશજી (+૯૧ ૯૪૬૮૬ ૧૦૩૫૬) ઘણા સહાયરૂપ થયા હતા. ડીનર પછી જાત્રા સંઘે તેમનું બહુમાન કર્યું. ત્યાંના જૈન સમાજે કોબા જાત્રા સંઘ અને સુરેશજી આદિ ત્યાગીઓનું બહુમાન કર્યું. આદ. સુરેશજીએ સ્વાધ્યાયમાં જીવનની સફળતા માટે આવશ્યક મૈત્રી આદિ ૪ ભાવનાઓ વિશે સુંદર દૃષ્ટાંતો સાથે સમજાવ્યું. ત્યાંથી ભીલવાડા ગયા.

**૭. ભીલવાડા :** રાત્રે ૧૦ વાગે પહોંચ્યા(૯૦ કિ.મી.). ત્યાં 'શાંતિ જૈન અતિથિ ગૃહ'માં રહ્યા( મેનેજર અમિતભાઈ ચોરડીયા, +૯૧ ૯૨૫૨૦ ૯૭૮૮૭, સંપર્ક : રાજકુમારજી બંબ +૯૧ ૯૪૧૪૧ ૧૧૫૧૮). બીજા દિવસે (મંગળ, માર્ચ ૭) નવકારશી કરીને નીકળ્યા.

**૮. સંબોધિ ઉપવન :** નેશનલ હાઈ-વે ૮ પર આવેલ સાધનાસ્થળી 'સંબોધિ ઉપવન' ૧૨ વાગે પહોંચ્યા (૧૨૦ કિ.મી.). તેરાપંથી મુનિ પૂ. સંત શ્રી શુભકરણજીએ ૨૦ વર્ષ પહેલા આ ક્ષેત્ર વિકસાવીને તેને પોતાની તપોભૂમિ બનાવી. જ્ઞાન-ધ્યાન-સાધના-શાંતિ માટે ઉત્તમ નિવૃત્તિક્ષેત્ર છે. ૭૦ વર્ષની દીક્ષા પર્યાય સાથે ૮૭ વર્ષના મુનિશ્રી શુભકરણજી વાત્સલ્યમૂર્તિ છે અને ઘણા વર્ષોથી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના અનન્ય ભક્ત છે. અર્ધા કલાકના સંબોધનમાં તેમણે જીવનમાં શાંતિ (નિરાકુળતા) માટે કષાયોને શાંત કરવા સાથે વિષયોની આસક્તિ ઘટાડીને સમતાની સાધનાનો પ્રયોગ સૂચવ્યો. તે માટે તૃષ્ણા ઘટાડીને પ્રભુ-ગુરુ ભક્તિમાં લીન થવા કહ્યું. બહુ સુંદર પવિત્ર સ્થળ છે. (સંપર્ક : + ૯૧ ૯૪૧૪૨ ૩૯૭૧૫, + ૯૧ ૯૮૩૮૧ ૦૭૧૨૮). ત્યાં લંચ લઈને જાત્રા સંઘ કુંભલગઢ જવા રવાના થયો.

**૯. કુંભલગઢ :** અહીં ૩ વાગે પહોંચ્યા ( ૪૪ કિ.મી.) આ કિલ્લો યુદ્ધ સમયે સંરક્ષણ અને ગેરીલા છાપા મારવા માટે બાંધેલ. આજુબાજુ કુદરતી ડુંગરાઓને લીધે દૂરથી આ કિલ્લો દેખાતો નથી. કુંભલગઢ પહોંચવાના રસ્તા ડુંગરાળ - પથરાળ - અટપટા છે તથા કિલ્લાનું પ્રવેશદ્વાર કુદરતી રક્ષણ આપે છે. કિલ્લા ફરતી ૩૬ કિ.મી. લાંબી, ૩૦' ઊંચી અને ૧૫' પહોળી પથ્થરની દીવાલ અને તેના ગુંબજો સુરક્ષિતતાની મૂર્તિ છે. આ 'ભારતની ચાઈના-વૉલ' કહેવાય છે. કિલ્લામાં ઘણા હિન્દુ અને જૈન મંદિરો છે. રાણા પ્રતાપ અહીં જ જન્મેલા. બસ ન જઈ શકવાથી જીપોમાં ઉપર ગયા. કિલ્લો અને મહેલ વાસ્તુશાસ્ત્ર અને આર્કીટેક્ચર એન્જિનિયરીંગનો ઉત્તમ નમૂનો છે. સાંજનું ડીનર તળેટીમાં કેલવાડામાં લઈને રાણકપુર જવા ૭ વાગે નીકળ્યા. શ્રી શૈલેષભાઈ (+ ૯૧ ૯૪૬૨૧ ૯૯૯૦૬) મદદરૂપ થયેલ.

**૧૦. રાણકપુર :** રાત્રે ૯ વાગે પહોંચ્યા (૩૩ કિ.મી.). મહાવીર આરાધના કેન્દ્ર - કોબાના તથા આણંદી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી શ્રી શ્રીપાળભાઈની સહાયથી રીઝર્વેશન કરાવેલ હોવાથી રૂમોની વ્યવસ્થા થઇ ગઈ (રાણકપુર મેનેજર જશરાજજી + ૯૧ ૯૬૮૦૦ ૧૯૨૦૧, અમદાવાદ આણંદજી કલ્યાણજી પેઢીનો સંપર્ક + ૯૧ ૭૯ ૨૬૬૦ ૮૨૪૪).

મંત્રી ધરણા શાહને આવેલ સ્વપ્ન પરથી 'નલિનીગુલ્મ દેવવિમાન'ની રચના શિલ્પકાર દીપા કલાકારે કરેલ. ૯૯ લાખના ખર્ચે, ૨૫૦૦ શિલ્પીઓના હાથે, ૬૩ વર્ષના અથાગ પ્રયત્ન બાદ આ મંદિરનું નિર્માણ થયેલ અને પ્રતિષ્ઠા ઈ.સ. ૧૪૪૦માં થયેલ. પવિત્રતામાં જેમ શત્રુંજય-સમ્મેદશિખર-ગિરનારજી અજોડ છે તેમ

શિલ્પકળામાં દેલવાડા (આરસની કોતરણી) - રાણકપુર (બાંધણી) - તારંગા (ઊંચાઈ) વિખ્યાત છે.

આ દેરાસરને ૪ દ્વારો, ૩ મજલાઓ અને દરેક માળ પર ચૌમુખી પ્રતિમાજી છે. ૭૬ શિખરબંધી ધજાઓ સાથે નાની દેવકુલિકાઓ (ભમતિમાં દેરીઓ), રંગમંડપ સાથે જોડાયેલ ૪ મોટી દેવકુલિકાઓ અને ૪ દિશાઓમાં ૪ મહાધર પ્રાસાદ આમ કુલ ૮૪ છે. આ ચાર દિશાઓમાં આવેલ ૪ મેઘનાદ મંડપો અનુપમ છે. મંદિરની વિશેષતા ૧૪૪૪ (૪૦' ઊંચા) સ્તંભો છે, જે ગણવા મુશ્કેલ છે અને દરેક સ્તંભ પાસેથી જિનપ્રતિમાના દર્શન થાય છે. પ્રત્યેક સ્તંભ વિવિધ અને ભિન્ન કારીગરીથી ભરપૂર છે. મૂળનાયક ઋષભદેવ (આદેશ્વર) ભગવાન છે. તે ઉપરાંત રાયણવૃક્ષ, પાર્શ્વનાથ ભગવાન ઉપર કમઠનો ઉપસર્ગ અને ધરણેંદ્ર દેવે કરેલ સહસ્રફણા નાગ રૂપે રક્ષા (એક જ પથ્થરમાં અખંડ કોતરણી શિલ્પ), કૃષ્ણલીલા નાગદમન, કલ્પવૃક્ષ, ૨૫૦ કિલો દરેક એવા બે નર-માદા ઘંટ વગેરે દર્શનીય છે.

બીજા દિવસે સવારે (બુધ, માર્ચ ૮) દર્શન - પૂજા - ભક્તિ પછી સંકુલમાં આવેલ બીજા બે મંદિરો (પાર્શ્વનાથ અને નેમિનાથ)માં દર્શન કર્યા. નવકારશી અને લંચ લઈને ૧૨ વાગ્યે પાવાપુરી જવા નીકળ્યા.

**૧૧. શ્રી પાવાપુરી (જીવ મૈત્રીધામ) :** બિહારમાં આવેલ ભગવાન મહાવીરના નિર્વાણસ્થળ પાવાપુરી કરતાં આ જુદું, શ્રી કે. પી. સંઘવીએ નિર્માણ કરાવેલ તીર્થ છે. અહીં બપોરે ૩ વાગે પહોંચ્યા (૧૧૯ કિ.મી.). અહીંની વિશેષતા આદર્શ ગૌશાળા છે. તેની મુલાકાત લીધી. સુંદર અને વ્યવસ્થિત છે. બે જિનાલયો (મહાવીર સ્વામી અને પાર્શ્વનાથ)માં દર્શન સ્તુતિ કરીને, માઉન્ટઆબુ જવા ૪ વાગે નીકળ્યા.

**૧૨. માઉન્ટ આબુ :** આબુ રોડ રેલ્વે સ્ટેશનથી માઉન્ટ આબુ ૨૭ કિ.મી. છે. તે ગુજરાતની સીમા પર (પરંતુ રાજસ્થાનમાં) ૫૦૦૦'ની ઊંચાઈએ આવેલ વિશ્વવિખ્યાત ઉનાળાનું લોકપ્રિય પર્યટન સ્થળ છે. અહીંના ઉતારે - 'શ્રી વર્ધમાન મહાવીર કેન્દ્ર'માં (માઉન્ટ આબુના મેનેજર યોગેશભાઈ +૯૧ ૨૯૭૪ ૨૩૫૫૬૬ તથા મુંબઈ સંપર્ક કાંતિભાઈ +૯૧ ૨૨ ૨૩૭૨ ૬૯૨૮) સાંજે પહોંચીને ડીનર લીધું (૭૦ કિ.મી.). નખ્ખી લેઈક, સનસેટ પોઈન્ટ વગેરે જોવાલાયક સ્થળો છે. નજીકમાં જ મહાવીરસ્વામી દિગંબર ઘરમંદિર છે ત્યાં દર્શન-સ્તુતિ કર્યા.

**૧૩. દેલવાડા :** છેલ્લા દિવસે (ગુરુ, માર્ચ ૯, ૨૦૧૭) સવારે નવકારશી કરીને દેલવાડા (૩ કિ.મી.), સાંકડા પર્વતીય રસ્તાઓમાં બસની મર્યાદાને લીધે, જીપોમાં ગયા. પ્રથમ આદિનાથ દિગંબર જૈન મંદિરમાં સ્તુતિ - વંદના- દર્શન કર્યા. કાચનું મનોહર મંદિર છે. ત્યાંથી શ્વેતાંબર મંદિરોના સંકુલમાં ગયા. ત્યાં ૫ મંદિરો છે.

**(૧) વિમલવસહી મંદિર :** ઈ.સ. ૧૦૩૧માં ગુજરાતના મંત્રી વિમલશાહે બંધાવેલ. ૧૮ કરોડ ૫૩ લાખના ખર્ચે ૧૫૦૦ શિલ્પીઓ અને ૧૨૦૦ મજૂરોએ ૧૪ વર્ષ કામ કરેલ. ભમતિમાં બાવન દેરીઓ છે. વિશ્વપ્રસિદ્ધ બેનમૂન આરસની કોતરણી છે. મૂળનાયક આદિનાથ છે. રંગમંડપ સર્વોત્તમ છે. તે ઉપરાંત તોરણો, ગુંબજ, છતો, નવચોકી, હસ્તિશાળા વગેરે છે. **(૨) લૂણવસહિ મંદિર :** ઈ.સ. ૧૨૩૧માં ગુજરાતના મંત્રીઓ, બે ભાઈઓ વસ્તુપાલ-તેજપાલે ૧૩ કરોડના ખર્ચે બંધાવેલ. મૂળનાયક નેમિનાથ ભગવાન છે. અહીં ભમતિમાં ૪૮ દેરીઓ છે. તે ઉપરાંત ગુંબજ, છતો, ઝુમર, રંગમંડપ, દેરાણી-જેઠાણીના ગોખલા, અત્યંત મનોહર અને જગપ્રખ્યાત છે. (૩) **પીત્તલહર મંદિર**

: ગુજરાતના મંત્રી ભીમાશાહે ઈ.સ. ૧૪૬૮માં બંધાવેલ. મૂળનાયક ઋષભદેવ ભગવાનની ૧૦૮ મણની (મુખ્યત્વે) પીત્તળની મૂર્તિ છે. **(૪) પાર્શ્વનાથ મંદિર :** ત્રણ માળનું આ મંદિર શિલ્પી કારીગરોએ વધેલા માલમાંથી પોતાના ખર્ચે અને મહેનતે ઈ.સ. ૧૪૫૮માં બાંધેલ. **(૫) મહાવીર સ્વામી મંદિર :** રાણા પ્રતાપના નગરશેઠ ભામાશાએ ૧૫૮૨માં બંધાવેલ. આ સિવાય કુંથુનાથ ભગવાનનું નાનું દિગંબર મંદિર છે. બધા મંદિરોમાં દર્શન-વંદના કરીને અચળગઢ જવા પ્રસ્થાન કર્યું.

**૧૪. અચળગઢ :** ત્યાં ૧૧ વાગ્યે પહોંચ્યા (૪ કિ.મી.). પહાડ ઉપરના ઊંચા શિખર પર આદિનાથ ભગવાનનું ચૌમુખી દેરાસર જગવિખ્યાત છે. તેનું નિર્માણ ઈ.સ. ૧૫૧૦માં થયેલ. ભગવાનના વિશાળકાય પંચધાતુના પ્રતિમાજી (૧૨૫ મણ વજન) ભવ્ય છે. અહીં ૪૦૦ વર્ષ પહેલા યોગીરાજ આનંદઘનજી મહારાજે સાધના કરી હતી. વર્તમાનમાં પૂ. યોગેશભાઈ (પાલનપુર અને ઇડરવાળા) અહીં અવારનવાર આવીને એકાંત સાધના કરે છે. સહુએ ભાવથી સ્તુતિ - દર્શન કર્યા. ત્યાંથી પાછા માઉન્ટ આબુ આવી ગયા. ત્યાં લંચ લઈને, રસ્તામાં ડીનર માટે ટિફિન-ડબ્બો ભરાવીને (અંબાજી પાસે આવેલ) કુંભારિયા જવા રવાના થયા.

**૧૫. કુંભારિયા :** અહીં ૪ વાગે પહોંચ્યા (૬૦ કિ.મી.). સંપર્ક : +૯૧ ૭૪૯ ૨૬૨૧૭૮, +૯૧ ૩૪૨૮૦ ૦૦૬૧૦. અહીં પાંચ મંદિરો છે. નેમિનાથ ભગવાનનું મુખ્ય મંદિર અત્યંત વિશાળ અને ભવ્ય છે. તેનું નિર્માણ ગુજરાતના મંત્રી વિમલશાહ દ્વારા ઈ.સ. ૧૦૩૨ આસપાસ થયેલ. અહીં મહાકાય પ્રતિમાઓના દર્શન થાય છે. અહીંની છતોમાં બારીક શિલ્પકળા જોવાલાયક છે. ભગવાન નેમિનાથ, પાર્શ્વનાથ, શાંતિનાથ આદિના જીવનના અનેક ભાવપૂર્ણ પ્રસંગો કોતરેલા છે. વર્તમાન અને ભાવિ ચોવીસીના માતા-પિતા વગેરે પણ છે. આ સિવાય મહાવીર સ્વામી, પાર્શ્વનાથ, શાંતિનાથ અને સંભવનાથ ભગવાનના મળીને ૪ બીજા મંદિરો છે. તે બધા ૧૧થી ૧૩મી સદીમાં બંધાયેલ છે. આ પાંચે મંદિરો આલીશાન અને ઐતિહાસિક છે. એની સ્થાપત્ય કળા આજે પણ દેલવાડાના જગપ્રસિદ્ધ મંદિરોની યાદ અપાવે તેવી મનોહર છે. બધા મંદિરોમાં સહુએ ભક્તિભાવથી સ્તુતિ-વંદના-દર્શન કર્યા. સાથે લાવેલ સાંજનું ડીનર વાપરીને કોબા જવા રવાના થયા. પ્રભુકૃપાએ રાત્રે ૯ વાગે કોબા હેમખેમ પહોંચી ગયા (૧૭૦ કિ.મી.).

● **અંતમંગલ :** પાર્શ્વનાથ ભગવાન, શાંતિનાથ ભગવાન અને શાસનદેવની કૃપાથી, પરમકૃપાળુદેવના યોગબળથી અને પૂ. સાહેબજીના આશીર્વાદથી જાત્રા સાનંદ નિર્વિઘ્ને સંપન્ન થઈ. જાત્રા સમિતિ (મહેન્દ્રભાઈ, પંકજભાઈ, વીણાબેન, નવીનભાઈ) ઉપરાંત મનહરભાઈ જશવાણી તથા સર્વ જાત્રાળુઓએ કરેલ સહાય બદલ સૌને સાભાર ધન્યવાદ. વિશેષમાં ત્યાગીઓએ (સુરેશજી, કપિલજી, અલકાદીદી, જનકદીદી, રાગિણીદીદી) કરાવલ ભક્તિ-પૂજા-જ્ઞાન ગમ્મત-ધાર્મિક અંતાક્ષરી બદલ આભાર. કોબા જાત્રા સંઘે ૧૨ તીર્થોમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે લગભગ બે લાખ રૂ.નું ડોનેશન પૂ. સાહેબજી અને કોબા સંસ્થાના નામે આપેલ. ■ ■ ■

**આત્માના અનાદિના શત્રુઓમાં મિથ્યાત્વ એ મુખ્ય શત્રુ છે. એને કારણે આત્મા, એ શત્રુને મિત્ર માની, તેનો દોરાવ્યો દોરાય છે, અને આ અનાદિ અનંત સંસારરૂપ અટવીમાં રખડે છે. કારણ કે એને કારણે તે હેય - ઉપાદેય, સુદેવ - કુદેવ કે સુધર્મ - કુધર્મને જાણી શકતો નથી !**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૬-૪-૨૦૧૭ | ચૈત્ર વદ પાંચમ | રવિવાર | પરમકૃપાળુદેવનો સમાધિદિન |
| ૫-૫-૨૦૧૭ | વૈશાખ સુદ દશમ | શુક્રવાર | સંસ્થા સ્થાપનાદિન તથા ભગવાન મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક દિન |
| ૨૫-૬-૨૦૧૭ | અષાઢ સુદ બીજ | રવિવાર | શ્રી જિનમંદિરનો નૂતન ધ્વજારોહણ |
| ૮-૭-૨૦૧૭ થી ૧૦-૭-૨૦૧૭ | અષાઢ સુદ ચૌદશ થી અષાઢ વદ એકમ | શનિથી સોમ | શ્રી ગુરુપૂર્ણિમા શિબિર |
| ૧૮-૮-૨૦૧૭ થી ૨૫-૮-૨૦૧૭ | શ્રાવણ વદ અગિયારસ ભાદરવા સુદ ચોથ | શુક્રવાર થી શુક્રવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૨૬-૮-૨૦૧૭ થી ૫-૯-૨૦૧૭ | ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શનિવાર થી મંગળવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૬-૧૦-૨૦૧૭ | આસો વદ એકમ | શુક્રવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન અને પૂ. લઘુરાજસ્વામીજીનો જન્મમંગલદિન |
| ૧૭-૧૦-૨૦૧૭થી ૨૦-૧૦-૨૦૧૭ | આસો વદ તેરસ થી કારતક સુદ એકમ | મંગળવારથી શુક્રવાર | શ્રી દીપાવલી આરાધના પર્વ |
| ૨૫-૧૦-૨૦૧૭ | કારતક સુદ પાંચમ | બુધવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૩-૧૧-૨૦૧૭ થી ૫-૧૧-૨૦૧૭ | કારતક સુદ ચૌદસથી કારતક વદ એકમ | શુક્રવારથી રવિવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ નિમિત્તે શિબિર |
| ૧-૧૨-૨૦૧૭ થી ૩-૧૨-૨૦૧૭ | | શુક્રવાર થી રવિવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |
| ૨૪-૧૨-૨૦૧૭થી ૨૬-૧૨-૨૦૧૭ | | રવિવાર થી મંગળવાર | યુવાશિબિર |

## સંસ્થામાં મુનિભગવંતોનું આગમન

તા. ૧૦-૩-૨૦૧૭ના દિવસે આપણા સંસ્થામાં પૂજ્ય આચાર્યશ્રી વિરાગસાગરજી મહારાજના

શિષ્ય પૂજ્ય ૧૦૮ શ્રી વિશ્રુતસાગરજી મહારાજ પધાર્યા હતા. સંસ્થામાં બિરાજિત શ્રી ચંદ્રપ્રભુ ભગવાન તથા શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાજીના પંચકલ્યાણક સંસ્કાર તેઓશ્રીની પ્રેરણાથી ઓઢવ, અમદાવાદ મુકામે કરવામાં આવ્યા હતા.

તા. ૧૫-૩-૨૦૧૭ના રોજ પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ વિદ્યાસાગરજી મહારાજ તથા પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ અભિનંદનસાગરજી મહારાજના શિષ્ય પૂજ્ય ૧૦૮ શ્રી ઉપાધ્યાય અનુભવસાગર મહારાજ પધાર્યા હતા. તેઓ જિનાભિષેકના કાર્યક્રમમાં જોડાયા હતા. તેઓશ્રીએ શ્રી સમયસાર ગ્રંથની ૨૧૬મી ગાથાના આધારે સંસારની અનિત્યતા વિષય પર સ્વાધ્યાય આપ્યો હતો.

## સંસ્થા સંચાલિત છાશકેન્દ્રો અંગે વિજ્ઞપ્તિ

આધ્યાત્મિક સાધના સાથે લોકોપકાર કરવાની પણ સંસ્થાની નીતિ રહી છે. પૂજ્યશ્રી આત્માનંદજીની પ્રેરણા અને શુભાશીર્વાદથી ઉનાળામાં જરૂરતમંદ કુટુંબોને છાશ મળી રહે તે હેતુથી ઘણા વર્ષોથી સંસ્થા દ્વારા અનેક જગ્યાએ છાશકેન્દ્રો ચલાવવામાં આવે છે. એક દિવસનો છાશકેન્દ્રો ચલાવવાનો અંદાજિત ખર્ચ રૂા. ૪૫૦૦/- આવે છે. આપ જેવા દાનવીર મહાનુભાવોના આર્થિક સહયોગથી વર્ષોથી છાશકેન્દ્રો ચાલી રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આપનો અમૂલ્ય સાથ-સહકાર આપી પરોપકારના યજ્ઞમાં યત્કિંચિત આહુતિ આપવા અમો નમ્ર નિવેદન કરીએ છીએ.

## પશુ-પક્ષીઓ માટે પાણીના કૂંડા મૂકવા અંગે નમ્ર નિવેદન

“દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટ મેં પ્રાણ.”

ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. પાણીના અભાવમાં કોઈ પશુ-પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના વરંડા કે અગાસી પર પાણીથી ભરેલા કૂંડા મૂકવા માટે ‘દિવ્યધ્વનિ’ પરિવાર આપ સૌને નમ્ર નિવેદન કરે છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે, “ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન.”

## તપસ્વીની અનુમોદના

આપણી સંસ્થામાં પ્રસંગોપાત પધારીને સત્સંગનો લાભ લેતા મુમુક્ષુ બહેનશ્રી મીનાબેન અનિલભાઈએ ૨૬ આયંબિલ તથા છઠ્ઠ તપની આરાધના શાતાપૂર્વક પૂર્ણ કરેલ છે. સંસ્થામાં પૂજ્યશ્રીના વરદ હસ્તે તેઓશ્રીને પારણું કરાવવામાં આવ્યું. સમગ્ર કોબા પરિવાર મીનાબેનના તપની અનુમોદના કરે છે.

## માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ

સંસ્થા સંચાલિત ‘વિદ્યા-ભક્તિ-આનંદ-ધામ’ ગુરુકુળના વિદ્યાર્થીઓની શાળામાં ‘માતૃ-પિતૃ પૂજન’ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે અંતર્ગત ગુરુકુળના ધો.૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા આપણી સંસ્થાના શ્રી કિશોરભાઈ શેઠ, શ્રી ઉષાબેન શેઠ, શ્રી મનહરભાઈ જશવાણી, શ્રી શરદભાઈ જશવાણી વગેરે વડીલોનું પૂજન કરવામાં આવ્યું હતું. વડીલોએ બાળકોને ઉદ્દેશીને ઉદ્‌બોધનો કર્યા હતા. વડીલોએ બાળકોને ભેટ આપીને વાત્સલ્યભાવ વ્યક્ત કર્યો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ગુરુકુળ :**

| | |
|---|---|
| (૧) પ્રકાશ કેમિકલ્સ ઈન્ટરનેશનલ પ્રા.લિ. હસ્તે અમીબેન મનિષભાઈ શાહ | રૂ.૧,૫૦,૦૦૦/- |
| (૨) શ્રી અરવિંદભાઈ પ્રેમચંદભાઈ શાહ, ભાવનગર (૭૬મા જન્મદિન નિમિત્તે) | રૂ.૧૦,૦૦૦/- |

- **છાશ કેન્દ્ર :**

| | |
|---|---|
| (૧) શ્રી દિનેશચંદ્ર એમ. બાવીસી, રાજકોટ | રૂ. ૩૫,૦૦૦/- |
| (૨) શ્રી મંજુલાબેન જે. શાહ, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/- |

- **મેડિકલ સેન્ટર :**

| | |
|---|---|
| (૧) શ્રી ચંદ્રકાન્તભાઈ ત્રિભોવનદાસ મહેતા, માટુંગા, મુંબઈ | રૂ. ૨૫,૦૦૦/- |
| (૨) સ્વ. શ્રી મોહનલાલ હેમરાજ શાહની ૪૫મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે : શ્રી જયંતિભાઈ વી. શાહ (લંડન) | રૂ. ૧૩,૬૫૦/- |

- **સાધારણ ખાતું :**

| | |
|---|---|
| (૧) શ્રી પી.વી. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ, હસ્તે શ્રી રશ્મિકાંતભાઈ મોદી | રૂ. ૧,૦૦,૦૦૦/- |

- **પક્ષીચણ :**

| | |
|---|---|
| (૧) શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ | રૂ. ૧૦,૦૦૦/- |

- **પુસ્તક પ્રકાશન :**

| | |
|---|---|
| (૧) શ્રી કોશા અંકુરભાઈ પટેલ, મણિનગર, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/- |

- **પ્રકીર્ણ :**

| | |
|---|---|
| (૧) સ્વ. સવિતાબેન આર. માલદેના આત્મશ્રેયાર્થે હસ્તે શ્રી જયંતિભાઈ વી. શાહ (લંડન) (છાશકેન્દ્ર + જીવદયા + સાધારણ ખાતું) | રૂ. ૧૮,૦૦૦/- |
| (૨) શ્રી રચનાબેન લાખાણી, કોલકાતા (મેડિકલ સેન્ટર + છાશકેન્દ્ર) | રૂ. ૧૦,૦૦૦/- |
| (૩) શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, હસ્તે : શ્રી જયંતીભાઈ વી. શાહ (લંડન) (સાધક ઉત્કર્ષ + ગુરુકુળ + મેડિકલ સેન્ટર) | રૂ. ૧૦,૦૦૦/- |

- **શ્રી આત્મસિદ્ધિ વિધાન પૂજા :**

| | |
|---|---|
| (૧) શ્રી મહેન્દ્રભાઈ અને વીણાબેન ખંધાર (સૌધર્મ ઈન્દ્ર-ઈન્દ્રાણી) | રૂ. ૨૫,૦૦૦/- |


- **પ્રતિષ્ઠા મહોત્સવ :**

| | |
|---|---|
| (૧) શ્રી ઈન્દિરાબેન જયંતભાઈ શાહ, મુંબઈ | રૂ. ૭,૫૫,૦૦૦/- |

| | | |
|---|---|---|
| (૨) | શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી, રાજકોટ | રૂ. ૭,૫૦,૦૦૦/- |
| (૩) | સ્વ. સુધાબેન કુમુદભાઈ મહેતા, મુંબઈ | રૂ. ૨,૦૦,૦૦૦/- |
| (૪) | શ્રી અજય નવીનચંદ્ર શાહ, મુંબઈ | રૂ. ૧,૫૧,૦૦૦/- |
| (૫) | શ્રી ઉષાબેન કિશોરભાઈ શેઠ, કોબા | રૂ. ૧,૧૧,૦૦૦/- |
| (૬) | શ્રી રમણભાઈ ભોલાભાઈ શાહ, ગાંધીનગર | રૂ. ૮૩,૦૦૦/- |
| (૭) | શ્રી પારસભાઈ અને રશ્મિકાન્તભાઈ મોદી પરિવાર, રાજકોટ | રૂ. ૫૭,૩૦૦/- |
| (૮) | એક મુમુક્ષુ તરફથી, અમદાવાદ | રૂ. ૫૧,૦૦૦/- |
| (૯) | શ્રી ગુણવંતીબેન મનહરભાઈ જસવાણી, કોબા | રૂ. ૫૧,૦૦૦/- |
| (૧૦) | શ્રી ઈલાબેન વી. મહેતા, અમદાવાદ | રૂા. ૫૦,૦૦૦/- |
| (૧૧) | શ્રી કમલેશભાઈ એમ. ગોસલિયા, ચેન્નાઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૨) | શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, કોબા | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૩) | શ્રી કમળાબેન જયંતીભાઈ શાહ, હિંમતનગર | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૪) | શ્રી વિદુબેન અશોકભાઈ શાહ, મુંબઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૫) | શ્રી ભારતીબેન અરવિંદભાઈ કારાણી, મુંબઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૬) | શ્રી બકુલભાઈ પી. પારેખ, ચેન્નાઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૭) | શ્રી કિરણભાઈ જે. તુરખિયા, ચેન્નાઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૮) | શ્રી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા, વડોદરા | રૂા. ૨૧,૦૦૦/- |
| (૧૯) | શ્રી નેમિલાબેન ગગનેશભાઈ સંઘવી, ચેન્નાઈ | રૂા. ૨૧,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર

### કાળધર્મ પામ્યા છે.



**[૧]** દરિયાપુરી સંપ્રદાયના આચાર્ય પૂજ્ય વીરેન્દ્ર મુનિ મ.સા.ના સુશિષ્ય **પૂજ્ય પ્રકાશચંદ્રજી મ.સા.** તા. ૧૨-૩-૨૦૧૭ના રોજ હાર્ટએટેક આવવાથી કાળધર્મ પામ્યા છે. તેઓના શરીરની વય ૬૧ વર્ષ તથા સંયમપર્યાય ૩૩ વર્ષનો હતો. તા. ૧૩-૩-૨૦૧૭ના રોજ બપોરે સુરેન્દ્રનગરથી તેઓશ્રીની પાલખી કાઢવામાં આવી હતી. ગોંડલ સંપ્રદાય તથા દરિયાપુરી સંપ્રદાયના પૂજ્ય સંતો સાથે પ્રતિક્રમણ કર્યા બાદ પૂ. પ્રકાશમુનિએ ધર્મચર્ચા કરી હતી. અચાનક રાત્રે છાતીમાં દુઃખાવો ઉપડતાં હાર્ટએટેકને કારણે તેઓએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેઓશ્રી પ્રખર વ્યાખ્યાતા હતા. તેઓશ્રીએ અનેક જ્ઞાનશિબિરોનું સુંદર સંચાલન કર્યું હતું. ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર વગેરે અનેક ક્ષેત્રોમાં વિચરણ કરી તેઓએ શાસનની પ્રભાવના કરી હતી. તેઓશ્રીએ આચાર્ય પૂજ્ય વીરેન્દ્ર મુનિ મ.સા.ની સુંદર વૈયાવચ્ચ કરી હતી. તેઓશ્રીના દેહવિલયથી સ્થાનકવાસી જૈનસમાજને મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થના

આત્માની મોક્ષયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય, તેઓ પૂર્ણ મોક્ષપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**[૨] અમદાવાદ :** અવારનવાર સંસ્થામાં પધારીને સત્સંગનો લાભ લેતાં મુમુક્ષુ **શ્રી કાંતિભાઈ સી. દેસાઈ**નું તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ ૮૫ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ પૂજ્યશ્રીના પરિચયમાં બાપુનગરની E.S.I. હૉસ્પિટલથી આવ્યા હતા. ત્યાં તેઓ કમ્પાઉન્ડર તરીકે સેવા આપતા હતા. કોબા આશ્રમમાં પધારતા ત્યારે પણ તેઓ સેવાઓ આપતા હતા. તેઓશ્રીના મામા શ્રી પોપટભાઈ કોબા સંસ્થાની શરૂઆતથી જ જોડાયા હતા. તેઓ પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત હતા.



સદ્‌ગતનું સમગ્ર જીવન ધર્મમય હતું. શાંતસ્વભાવ, સમતા, કરુણા, સરળતા, ભક્તિભાવ જેવા અનેક સદ્‌ગુણોથી પોતાની જીવનરૂપી લતાને નવપલ્લવિત રાખી હતી. પૂજ્યશ્રી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. શિબિર અને પર્વ પ્રસંગે તેઓ કોબામાં અચૂક હાજર રહેતા. તેઓનો કંઠ સુમધુર હતો. તેઓ સુમધુર કંઠે ભાવવાહી ભક્તિપદો ગાતા હતા.

સ્વર્ગસ્થનો આત્મા આગામી ભવોમાં વિશેષ ધર્મઆરાધના કરીને પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

---

## શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)

**(પાના નં. ૨૧ પરથી ચાલુ...)**

અભિપ્રાયની નિર્મળતાના કારણે સત્ય જ માનવું જોઈએ. સત્યવચન હિત, મિત, પ્રિય હોવાં જોઈએ. આમાં હિત અને પ્રિય બન્નેનો અર્થ દુર્ભાવના રહિત હોવું છે.

પ્રસંગવશાત્ ચાર પ્રકારના મહાઅસત્ય વચનોના સ્વરૂપનું કથન પ્રાસંગિક હોવાથી કરીએ છીએ:-

(૧) **નાસ્તિરૂપ મહાઅસત્યવચન :-** જે વસ્તુ છે પરંતુ તેને 'નથી' એમ કહેવું તેને નાસ્તિરૂપ મહાઅસત્યવચન કહે છે. જેમ કે કોઈ ઘરના દરવાજે ઊભા રહીને પૂછે કે ભાઈ તમારા પિતાજી ઘરમાં છે? તો તેને નથી એમ કહેવું.

(૨) **અસ્તિરૂપ મહાઅસત્યવચન :-** જે નથી તેને 'છે' એમ કહેવું, તે અસ્તિરૂપ મહાઅસત્યવચન કહેવાય છે. જેમ કે પિતાજી ઘરમાં નથી, તો પણ કોઈ પ્રયોજનથી ઘરમાં છે એવું કહેવું.


(૩) **અન્યથારૂપ મહાઅસત્ય વચન :-** મૌજૂદ (હાજર) વસ્તુને વિપરીત સ્વરૂપે કહેવી તે અન્યથા મહાઅસત્ય વચન કહેવાય છે. જેમ કે બળદને ઘોડો કહેવો.

(૪) **દુઃખ તથા હાનિકારક મહાઅસત્ય વચન :-** ગર્હિત અર્થાત્ નિંદનીય, અવદ્યરૂપ અર્થાત્ કલંક લગાવનાર અને અપ્રિય અર્થાત્ કઠોર મર્મભેદી ઉક્ત ત્રણ પ્રકાર યુક્તવાણી ને ચોથા પ્રકારનું દુઃખ તથા હાનિરૂપ મહાઅસત્યવચન કહે છે.

ઉપરોક્ત ચારે પ્રકારના વચન નિયમથી પ્રમાદપૂર્વક જ બોલાય છે. તેથી તેને અસત્ય વચન કહે છે. **(ક્રમશઃ)**


# સંસ્થા આયોજિત રાજસ્થાનની યાત્રા (ઉદેપુર - રાણકપુર - આબુ દેલવાડા - ચિત્તોડગઢ) વેળાની તસવીરો (તા. ૪-૩-૨૦૧૭ થી ૯-૩-૨૦૧૭)


શ્રી શાંતિનાથ પ્રભુ, બીચ્છુવાડા દિગંબર જૈનમંદિર



પ્રતાપ ગૌરવ કેન્દ્ર, રાષ્ટ્રીય તીર્થ, ઉદેપુર


વિજયસ્તંભ,
ચિત્તોડગઢ કિલ્લો


શ્રી પાર્શ્વનાથ પ્રભુ પર કમઠે કરેલ ઉપસર્ગ સ્થળ, બિજોલીયા


શ્રી મુનિસુવ્રત ભગવાન સ્વસ્તિધામ, જહાઝપુર


પૂ. સંત શુભકરણ મુનિ, સંબોધિ ઉપવન


ભારતની 'ચાઈના વૉલ', કુંભલગઢ


તીર્થના ઉછરંગી જાત્રાળુઓ, રાણકપુર

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

## સંસ્થા આયોજિત યાત્રા દરમિયાન ચિત્તોડગઢ કિલ્લા પર કીર્તિસ્તંભ (જૈન માનસ્તંભ) પાસે તીર્થાદિના ઉછરંગી યાત્રાળુઓ (તા. ૫-૩-૨૦૧૭)



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

❶ 'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**આદ. શ્રી પુષ્પાબેન તથા શ્રી જયંતિભાઈ શાહ (લંડન)ની**

**૬૪મી લગ્નતિથિ નિમિત્તે**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' એપ્રિલ - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**સ્વ.શ્રી સવિતાબેન રાયચંદભાઈ માલદે (લંડન)ના આત્મશ્રેયાર્થે**

**તેઓના પરિવારજનો તરફથી, હસ્તે : શ્રી જયંતિભાઈ વી. શાહ (લંડન)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah